।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।। ।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।। ।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્યિક સંશોધન વિશે

—સુમન શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્યિક સંશોધન વિશે

## ON LITERARY RESEARCH

સુમન શાહ

SUMAN SHAH

પાર્શ્વ પ્રકાશન
અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાહિત્યિક સંશોધન વિશે
ON LITERARY RESEARCH
સુમન શાહ
BY SUMAN SHAH

પ્રથમ આવૃત્તિ : ૧૦ જૂન, ૧૯૮૦
બીજી આવૃત્તિ : ૧૧ નવેમ્બર, ૧૯૮૭

© રશ્મીતા શાહ

નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૭–૫૦

પ્રકાશક :
બાબુભાઈ શાહ
પાર્શ્વ પ્રકાશન
નિશાપોળ, ઝવેરીવાડ,
રિલીફરોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧
ફોન : ૩૩૨૯૦૯

મુદ્રક :
શ્રી ત્રિપુરા પ્રિન્ટિંગ પ્રેસ
૮, અડવાણી માર્કેટ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦ ૦૦૪

સૂચના :
આ પુસ્તિકાના કોઈ પણ અંશનો કોઈ પણ રૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં લેખકની પરવાનગી મેળવવી અત્યન્ત જરૂરી છે.

પત્ર–વ્યવહારનું સરનામું :
૯, મુકુન્દ, મનોરમા કૉમ્પ્લેક્સ,
હિમ્મતલાલ પાર્ક પાસે,
આંબાવાડી, અમદાવાદ–380015

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રસિક શાહને—

THEORY IS GRAY, BUT THE GOLDEN TREE
OF LIFE IS GREEN—GOETHE

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવેદન

**સાહિત્યિક સંશોધન વિશેની** આ લઘુ પુસ્તિકા સંવત ૨૦૩૫ની એક નવરાત્રિએ પ્રારમ્ભાઈને શરદપૂર્ણિમાએ પૂરી થયાનો આનંદ છે.

ભવિષ્યમાં આ ભૂમિકાએ વિસ્તૃત વિચારણા રજૂ કરવાનો સંકલ્પ છે.

આ લખાણને સમગ્રપણે ઓકટો. ડિસે. ૧૯૭૯ના એક જ અંકમાં સૌ પ્રથમ પ્રકાશિત કરીને 'ત્રૈમાસિક'નાં તન્ત્રી શ્રીમતી મંજુ ઝવેરીએ મને સાચે જ ઉપકૃત કર્યો હતો. આજે કુમકુમ પ્રકાશન એને પુસ્તિકા રૂપે મૂકે છે, તેમાં તેના માલિક શ્રી. બાબુભાઈ જોષીનો પણ એવો જ ઉમળકો ભળ્યો છે.

અપેક્ષા છે કે સાહિત્યિક સંશોધનને વિશેની આપણી વિચારણાને આનાથી અપૂર્વ વેગ મળશે.

**૧૦ જૂન, ૧૯૮૦** **—સુમન શાહ**

# નિવેદન

## બીજી આવૃત્તિનું

**સાહિત્યિક સંશોધન** વિશે હું કશું વિસ્તૃત વિચારવાને ફુરસદ મેળવું તે પહેલાં જ એની આ બીજી આવૃત્તિ થાય છે તેનો આનન્દ છે. આ પ્રસંગે એમ. ફિલ અને પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓનો આભાર માનું છું, કેમકે એમણે આનો યથાશકય લાભ ઉઠાવ્યો છે. આશા છે એ પરમ્પરા હજી વધુ દૃઢ થશે. આનું પ્રકાશન હાથ ધરવા બદલ પાર્શ્વના માલિક શ્રી બાબુભાઈ શાહના ઉત્સાહને વધાવું છું.

**૧૭ સપ્ટેમ્બર, ૧૯૮૭**

**—સુમન શાહ**

For Private And Personal Use Only

પીએચ. ડી. પદવીધારીઓમાંના કેટલાકને, તો એના કેટલાયે માર્ગદર્શક સાહેબોને, ને એથી આગળ વધીને અનેક સાહિત્યમર્મજ્ઞોને સારી રીતે ખબર છે કે આપણે ત્યાં 'સાહિત્યિક સંશોધન' જેવું જવલ્લે જ થયું છે, ને મોટે ભાગે તો એ દિશાનું વલ્ગરાઈઝેશન જ વિસ્તર્યું છે. એમ. ફિલ. જેવી વચગાળાની ઉપાધિને યુનિવર્સિટી-પ્રવેશ મળ્યો છે તે એ વિસ્તારને રોકવાની દિશાનું એક સ્તુત્ય પગલું જરૂર છે, પણ જે તે સંશોધનનું અને તેની પદ્ધતિનું સ્વરૂપ સ્પષ્ટ નહીં હોય, નહીં થાય, તો એ વાંકો વિસ્તાર બની રહેશે. અહીં 'સાહિત્યિક સંશોધન'નાં સ્વરૂપ અને પદ્ધતિ વર્ણવવાનો ઉપક્રમ છે. આ દિશામાં આ પ્રારમ્ભ છે, અને માત્ર નાનો પ્રારમ્ભ છે.

*

૧. સાહિત્યિક સંશોધનને સંશોધન સાથે અને સંશોધનને વિજ્ઞાન સાથે સમ્બન્ધ છે. વિજ્ઞાનને તર્ક સાથે સમ્બન્ધ છે એ જાણીતું છે, અને તેથી સાહિત્ય જેવી કલાઓ—કે જે અ-તર્કથી પ્રાણવાન બનતી હોય છે—સાથેનો એનો દેખીતો વિરોધ પણ જાણીતો છે. પરંતુ ઓછું જાણીતું એ છે કે કલાનું વિજ્ઞાન અસંભવ નથી—એટલે કે તર્કનો આશરો લઈને સાહિત્ય-કલાનાં પરિણામોને વ્યવસ્થાબદ્ધ ભૂમિકાએ વર્ણવી બતાવવાનું અશક્ય નથી. એટલે કે વિજ્ઞાન અને કલાનો દેખીતો વિરોધ એક ભ્રમણા છે. સાહિત્યકલાનું સર્જન કશી વિજ્ઞાન-નિબદ્ધ રીતિઓ વડે ન થાય, ન જ થાય; સાહિત્યકલાનું વર્ણન એવી રીતિઓ, પદ્ધતિઓ વડે થાય, બલ્કે તે વિના ન જ થાય. આમ ઘટાવતાં દેખીતો વિરોધ એક ભ્રમણા છે. જ્ઞાનમીમાંસા–ઍપિસ્ટીમોલૉજી–સહજસ્ફુરણા કે ઇન્દ્રિયજન્ય અનુભવોની પ્રત્યક્ષતા ઉપરાન્ત માનવીય જ્ઞાનલબ્ધિમાં, મનુષ્યચિત્તની તર્કશક્તિનો અને તજ્જન્ય વિભાવનાઓ કે પદ્ધતિઓ જેવી વૈજ્ઞાનિકતાનો પણ ઉચિત સમાસ કરે છે, તે નોંધપાત્ર છે. સાહિત્યનું એક પરિણામ, અને પહેલું પરિણામ આનન્દાનુભવ છે. પણ એ આનન્દાનુભવ જ્ઞાનલબ્ધિમાં પણ પરિણમે છે એ જોતાં સાહિત્યનું બીજું પરિણામ જ્ઞાન પણ છે. કલામીમાંસા–ઍસ્થેટિક્સ–માંથી પણ તર્કને કદી બાકાત રખાયો જાણ્યો નથી. સાહિત્યિક સંશોધન, આનન્દ અને જ્ઞાનનો મેળ પાડવાની પ્રવૃત્તિ છે, એક નોંધપાત્ર બૌદ્ધિક પ્રવૃત્તિ છે. એ પ્રવૃત્તિમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો અને પદ્ધતિશાસ્ત્રનો ફળદાયી વિનિયોગ છે, સાયન્ટીફિક મેથડ અને મેથડોલૉજીનો એમાં પરિણામલક્ષી ઉપયોગ છે. સાહિત્યિક સંશોધનનું સ્વરૂપ સમજાય તો મેથડોલૉજી સાથેનો એનો યોગ, સમ્બન્ધ કેવો હોઈ શકે એ વિચારણાને દિશા મળે.

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. તો સંશોધન એટલે શું ? શોધી લાવવું, બીજાને નહોતું જડતું તે ખોળી કાઢવું એવો સ્થૂળ અર્થ અહીં ગેરહાજર નથી, પણ એટલો અને એવો જ એનો અર્થ નથી. કોઈ ભંડારમાંથી પોથી ખોળીને, એની અનેકોને માટે સમસ્યારૂપ એવી લિપિ વાંચીને, પાઠભેદની પંડિતાઈભરી પ્રચુરતા દર્શાવીને કશી વાચના તૈયાર કરી આપવી તે સંશોધન તો ખરું જ, પણ તેટલું અને તેવું જ સંશોધન નહીં. નહોતી જડતી તે વસ્તુ ખોળી લાવ્યા કે કાચી ધાતુમાંથી સંશોધીને પાકી ધાતુસ્વરૂપની વાચના તૈયાર કરી આપી તે તો સંશોધનનો એક પ્રકાર થયો. કશુંક હતું તે શોધ્યું-સંશોધ્યું એવો પ્રકાર. પણ કશું નહોતું, ને શોધ્યું તે સંશોધનનો બીજો પ્રકાર. કશું પ્રચ્છન્ન અને અમૂર્ત હતું તે શોધ્યું તે સંશોધનનો ત્રીજો પ્રકાર. કશું સંગીનપણે નિયમ-બદ્ધ હતું, સૂત્રિત હતું, તે નિયમ કે સૂત્ર શોધ્યું તે સંશોધનનો ચોથો પ્રકાર. આમ પહેલા પ્રકાર પછીના સંશોધનના બધા જ પ્રકારો એના સૂક્ષ્મ અર્થને સમજાવે છે, સંશોધનનો ત્યાં સૂક્ષ્મ અર્થ થતો હોય છે, કરવાનો હોય છે. સંશો-ધન આ રીતે તો એક જમ્પ છે, ફ્લાઈટ છે, કશાક પ્લેટફૉર્મ કે સ્પ્રિન્ગબોર્ડ પરથી થયેલું ઉડ્ડયન છે.

જ્ઞાનની નાનામાં નાની ભૂમિકાએ પરિચિતથી અપરિચિતની દિશાની આવી કશીક શોધયાત્રા જ જોવા મળશે. ૧ થી ૯ અંકનું જ્ઞાન, તેનો પરિચય, ત્યાર પછીના અગાધ અને અમાપ અપરિચયનું જ્ઞાન બની રહે છે. આ એક અવિરત યાત્રા છે, ને તેથી પ્રક્રિયા છે, સંશોધન એક પ્રક્રિયા છે. ઍરિસ્ટોટલના તર્કમાં કે ભારતીય ન્યાયમાં પણ સંશોધનનો આ જ અર્થ નિહિત છે. સિલજિઝમની પ્રખ્યાત ત્રિપદી પદ્ધતિમાં સાધ્યપ્રમાણ અને પક્ષપ્રમાણને આધારે મેળવાતું નિગમન (મનુષ્ય મર્ત્ય છે-છગન મનુષ્ય છે-તેથી છગન મર્ત્ય છે) કે પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમનની પંચપદીવાળી ભારતીય પદ્ધતિમાં મેળવાતું નિગમન (છગન મર્ત્ય છે—કેમ કે છગન મનુષ્ય છે—મનુષ્ય મર્ત્ય છે, ઉ. ત. મોહનદાસ, કાલિદાસ, શેક્સપિયર—છગન પણ મનુષ્ય છે—તેથી છગન મર્ત્ય છે) પરિચિત-અપરિચિતની પદ્ધતિપુરઃસરની લીલા છે. વિજ્ઞાનોનો આ પાયો છે. શોધાત્મકતા કે વૈજ્ઞાનિકતા આ ભૂમિકાએ વિકસી શકે. જોકે સભ્યતા અને સંસ્કૃતિના વિકાસ દરમ્યાન નિગમનાત્મકની જેમ આનુમાનિક—ઇન્ડક્ટિવ—તર્ક પણ એવો જ પરિણામકારી નીવડ્યો છે, વિશેષ પરથી સામાન્ય સિદ્ધાન્તોની રીતે પણ જ્ઞાન સ્થિર થયું છે, સંચિત થયું છે. શોધાત્મકતા અને વૈજ્ઞાનિકતાને પોતાના વિકાસ અર્થે આ બીજી ભૂમિકા પણ એવી જ અનિવાર્ય છે. આ બેય ભૂમિકાઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંતરલીલા-ઇન્ટરપ્લે-આજનાં સુવિકસિત વિજ્ઞાનોની હાર્દસ્વરૂપ લાક્ષણિકતા છે. ગ્રીક ગુરુ-શિષ્ય મનીષીઓ પ્લેટો અને ઍરિસ્ટોટલ બંને ભૂમિકાનાં પ્રતિનિધિરૂપ નિદર્શનો છે. પ્લેટો મુખ્યત્વે દાર્શનિક હતા, અને વિચારથી વસ્તુ તરફ જનારા ચિન્તક હતા, તો ઍરિસ્ટોટલ મુખ્યત્વે જીવવિજ્ઞાની હતા, અને વસ્તુથી વિચાર તરફ જનારા બીજી ભૂમિકાના ચિન્તક હતા.

પ્રસ્તુત પ્રશ્નો એ છે કે તર્કની કંઈ પદ્ધતિનો સાહિત્યિક સંશોધનમાં આશ્રય લઈ શકાય? અથવા તર્કની બેય પદ્ધતિનો અહીં આશ્રય લઈ શકાય? પણ તે પહેલાં સંશોધનના જ સ્વરૂપ વિશે વિચારો વ્યક્ત કરવા જરૂરી છે.

૩. સાહિત્ય અને કલાઓ માનવવિદ્યાઓ-હ્યુમેનિટિઝ-ના વર્ગમાં આવે છે, અને માનવવિદ્યાઓમાં સંશોધનનું જે સ્વરૂપ છે તે સમાજવિજ્ઞાનો-સોસ્યલ સાયન્સીઝ-અને પ્રાકૃતિક વિજ્ઞાનો-નેચરલ સાયન્સીઝ-માં થતાં સંશોધનોથી જુદું છે. વળી, પ્રાકૃતિક વિજ્ઞાનોનાં સંશોધનો ગણિત અને તર્ક જેવાં શુદ્ધ વિજ્ઞાનો-પ્યોર સાયન્સીઝ-માં થતાં સંશોધનોથી જુદાં છે. શુદ્ધ વિજ્ઞાનો સ્વયંસિદ્ધ સત્યોમાંથી નિગમનો તારવે છે. અને ત્યાં સંશોધનોની કોટિ ઘણી ઊંચી રહી શકે છે. ઊંચી એટલે કે અમૂર્તતા-ઍબ્સ્ટ્રેક્શન—ની ભૂમિકાએ ઊંચી. જ્યારે પ્રાકૃતિક વિજ્ઞાનોની સામગ્રી ભૌતિક હોય છે, એટલે કે મૂર્ત-કોન્ક્રીટ-હોય છે. પણ આ બંનેમાં જે તફાવત છે તે એ, કે પ્રાકૃતિક વિજ્ઞાનો મુખ્યત્વે આનુમાનિક હોય છે. તે ભૌતિક આવિર્ભાવો સાથે પાનું પાડતાં હોય છે. નિરીક્ષણ, પ્રયોગ અને આનુમાનિક તર્ક એનાં પ્રમુખ સાધનો છે. ગણિત કે તર્કમાં જે શુદ્ધિ શક્ય છે તે અહીં નથી, એટલે એ વ્યાપ્તિઓ વડે આગળ વધે છે, સત્યો લગી એ પદ્ધતિએ પહોંચવાનું ચાલુ રાખે છે. શુદ્ધ વિજ્ઞાનો અને પ્રાકૃતિક વિજ્ઞાનોની સામગ્રીને સમાજવિજ્ઞાનોની સામગ્રી સાથે સરખાવતાં એક ભેદ તુર્ત જ ઊડીને આંખે વળગશે. એ ભેદ તે આ : કે સમાજવિજ્ઞાનોના કેન્દ્રમાં મનુષ્ય છે, એટલે કે એની સામગ્રી મનુષ્ય છે, પ્રકૃતિ કે ભૌતિક પદાર્થો અથવા તો વિચાર-સંરચનાઓ-થોટ-સ્ટ્રક્ચર્સ-કે આંકડાઓ પાછળના નિયમો એની સામગ્રી નથી. પરિણામે સામગ્રીસંચય-ડેટા કલેક્શન-અહીં પ્રમાણમાં મુશ્કેલ બને છે અને સંશોધનમાં સંકુલતાની માત્રા પણ પ્રમાણમાં વધી જાય છે. આ સંકુલતા માનવવિદ્યાઓ અને કલાઓમાં કે સાહિત્યમાં આત્યન્તિક બની રહે તે સ્વાભાવિક છે, અને કલા કે સાહિત્યમાં સંશોધન જટિલ અને કઠિન છે એમ સમજાવી આપે તેય એટલું જ સ્વાભાવિક છે. પરંતુ કોઈ પણ કલામાં કે સાહિત્યમાં સંશોધન હોઈ જ ન શકે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ તો અશક્ય છે, કલાઓ તો આસ્વાદ–આનન્દને માટે છે, વિજ્ઞાન કે વ્યાકરણ કવિતાનાં શત્રુ છે, વગેરે માનવું-મનાવવું તે એક જાતનું રોમેન્ટિસિઝમ છે, એક જાતની ઘેલછા છે. એટલું જ નહિ, એવા રોમેન્ટિકવેડામાં કલા કે સાહિત્યને વિશેની અધૂરી સમજ અને વિજ્ઞાન કે સંશોધનને વિશેની પૂરી ગેરસમજ નિહિત છે–જે સરવાળે કલાપરક પ્રગતિ કે સાહિત્યિક વિકાસને ગૂંગળાવનારી પરિસ્થિતિનું નિર્માણ કરે, અને મનુષ્યની એ બહુમૂલ્ય પ્રવૃત્તિને માનવજાતના સમગ્ર બૌદ્ધિક પુરુષાર્થમાં ગૌરવભર્યા સ્થાને ચિહ્નિત કરી આપવાને વિશે અવરોધો રચે. ઇતિહાસમાં એવી ગૂંગળામણો અને અવરોધો નથી જન્મ્યાં એમ નહિ, પણ વિજ્ઞાન હવે એવી દિશાઓ ખોલે છે, જેમાં આ જાતના રોમેન્ટિસિઝમનો બહુ ઝડપથી નિકાલ થઈ રહ્યો છે.

૪. સાહિત્યના કેન્દ્રમાં મનુષ્ય છે અને સાહિત્યસર્જનની સામગ્રી પણ મનુષ્ય છે, વળી સાહિત્યનો ભોક્તા પણ મનુષ્ય છે. ઉત્પાદન અને વપરાશના નિયમ અનુસાર કર્તા, કૃતિ અને વાચક એટલે કે ઉત્પાદક, ઉત્પાદન અને ભોક્તા વચ્ચેના વિનિમયો જમાનાઓથી ચાલતા આવ્યા છે, અને ચાલ્યા કરશે. એ વિનિમયો પોતાના આગવા નિયમો વડે નિયન્ત્રિત હોય છે, થતા હોય છે. તો પછી એમાં સંશોધનને કશો અવકાશ ખરો ? તો પછી એમાં વિજ્ઞાનીનો કશો હસ્તક્ષેપ હોઈ શકે ? એ સાચું છે કે સાહિત્યિક સંશોધનો સાહિત્યના ઉત્પાદન ઉપર કે તેના ઉપયોગ ઉપર ભાગ્યે જ કશી પ્રત્યક્ષ અસર પાડી શકે. વિજ્ઞાન અને સંશોધનની વ્યાપક ઉપકારકતાની ચર્ચામાં ઊતરવાનું આ સ્થાન નથી. સર્જન–આસ્વાદન સાહિત્યિક સંશોધનના કશા એથિક્સ સાથે સીધાં સંકળાયેલાં નથી.

પણ એક સાહિત્યકૃતિના વૈયક્તિક આસ્વાદને, આનન્દાનુભવને તથા તજ્જન્ય જ્ઞાનલબ્ધિને વ્યાખ્યાબદ્ધ તો કરી જ શકાય. કેમ કે એવું આસ્વાદન, એવો આનન્દાનુભવ અને એવી જ્ઞાનલબ્ધિ ગર્ભિત સ્વરૂપે સૂત્રિત હોય છે, નિયમબદ્ધ હોય છે. એ સૂત્રો અને એ નિયમોને ઉકેલીને સાહિત્યિક સંશોધન અવશ્ય વિસ્તરી શકે. એટલે કે સાહિત્યિક સંશોધનની સામગ્રીમાં કૃતિ, કર્તા વગેરે નિમિત્તસ્વરૂપ છે, એની ખરી સામગ્રી તો સાહિત્ય પ્રત્યેનો મનુષ્યનો પ્રતિભાવ છે. એ પ્રતિભાવ એની આસ્વાદનપ્રવૃત્તિમાં કે આનન્દાનુભવમાં છતો થાય છે. એ પ્રતિભાવ આસ્વાદ, આનન્દ ઉપરાન્ત જ્ઞાનનો પણ પોતામાં સમાવેશ કરીને જ વિસ્તર્યો હોય છે. મનુષ્ય અને તેના સમગ્ર વાતાવરણમાં—એન્વાયર્નમેન્ટમાં તેનો પ્રત્યેક પદાર્થ સાથેનો જે માનવીય વિનિમય છે તે અજ્ઞાત, નિબિડ અને સંકુલ છે. એ સૃષ્ટિ-પદાર્થોનો એક સમૂહ તે કલાઓ છે, અને એ અજ્ઞાત, નિબિડ અને સંકુલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવીય વિનિમયનો એક સંવિભાગ રચવામાં તેમનો પણ ફાળો છે. અને એ ફાળો નાનોસૂનો નથી. ટૂંકમાં, સાહિત્યકલા સાથેના વૈયક્તિક સન્નિકર્ષનાં પરિણામો જોડે સંશોધક પાનું પાડશે અને એ અર્થમાં સાહિત્યિક સંશોધન 'પોસ્ટ ફેક્ટો' પ્રવૃત્તિ છે.

આનો સંશોધક બહુધા પોતે જ સાહિત્યકલાનો આસ્વાદક અને અનુભાવક હોય છે, પણ એ સંશોધક હોઈને તેમ ન યે હોય, બીજાઓના આસ્વાદો–અનુભવોનું સામગ્રી લેખે આકલનપરીક્ષણ કરનારો માત્ર એક નિષ્ણાત પણ તે હોઈ શકે એ વાતનો સિદ્ધાન્ત ખાતર સ્વીકાર થવો જોઈએ. બાકી સાહિત્યિક સંશોધકો ઉત્તમ ભોક્તાઓ છે, એસ્થેટિક્સના આદર્શ મુજબના સમૃદ્ધ અધિકારી સહૃદયો છે એ હકીકત એમનાં સંશોધનોને વધુ જીવંત અને સાચાં બનાવનારી એક નોંધપાત્ર હકીકત છે એનો પણ સ્વીકાર થવો ઘટે. આ બે સ્વીકારની વચ્ચે સાહિત્યિક સંશોધનોની સફળતા–નિષ્ફળતા કે ઉપકારકતા–અપકારકતાની ઘણી ચાવીઓ પડેલી છે. સાહિત્યિક સંશોધક માત્ર નિષ્ણાત હોય અને ઉત્તમ ભોક્તા ન હોય, તો સંભવ છે કે એના સંશોધનમાં પ્રવર્તતું પદ્ધતિકરણ એક તબક્કે મૃત બની જાય, તો સાહિત્યિક સંશોધક માત્ર સહૃદય હોય અને ઉત્તમ નિષ્ણાત ન હોય, તો સંભવ છે કે એના સંશોધનમાં પ્રવર્તતું પદ્ધતિકરણ ઘણે તબક્કે નર્યું અવૈજ્ઞાનિક હોય. મહત્ત્વની વાત તો એ છે કે એ સંશોધક છે તેથી એની પ્રાથમિક અને અંતિમ જવાબદારી પોતાની વૈયક્તિકતાઓને વધુ ને વધુ વસ્તુ-લક્ષિતાઓમાં રૂપાન્તરિત કરવાની છે. એના સાહિત્યકલા પ્રત્યેના વૈયક્તિક સન્નિ-કર્ષોમાં મોટે ભાગે સહજોપલબ્ધિ, આત્મપ્રતીતિ જેવાં જેનો બૌદ્ધિક ખુલાસો ન મેળવી શકાય તે પ્રકારનાં પ્રચ્છન્ન અને સ્વકીય ઉપકરણો સામેલ હોય છે. ટૂંકમાં એનો કલાજન્ય આનન્દાનુભવ કે એની કલાજન્ય જ્ઞાનલબ્ધિ અંગત છે, અને સંશોધક તરીકે એ અંગતતાનું એ વિજ્ઞાન રચવા ચાહે છે. એ રીતે એ અત્યન્ત મહત્ત્વાકાંક્ષી સંશોધક છે.

ઉક્ત વિચારોનું પહેલું ફલિત એ છે કે સાહિત્યિક સંશોધન પ્રાકૃતિક આદિ તમામ વિજ્ઞાનોમાં પ્રવર્તતાં સંશોધનથી અનેક અર્થોમાં અને મૂલ્યવાન અર્થોમાં જુદું છે. બીજું ફલિત એ છે કે તમામ વિજ્ઞાનો પ્રકૃતિએ કરીને તત્ત્વાર્થમાં વિજ્ઞાનો છે પણ તેમની વચ્ચે તેમની સામગ્રીઓને કારણે, પદ્ધતિઓને કારણે જે પાર્થક્ય છે તેવું જ પાર્થક્ય સાહિત્યના વિજ્ઞાનને વિશે પણ છે. આ પાર્થક્ય જેટલું સ્પષ્ટ અને વ્યાખ્યાબદ્ધ થઈ આવશે તેટલે અંશે એનો વિકાસ થઈને રહેશે એ સમજાય તેવું છે. ત્રીજું ફલિત એ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે સાહિત્યસર્જન વૈયક્તિક છે, આસ્વાદન–અનુભાવન પણ વૈયક્તિક છે, પણ સાહિત્યિક સંશોધન તો સંશોધન હોઈને નિર્વૈયક્તિક છે; અલબત્ત, સાહિત્યેતર સંશોધનોમાં પ્રવર્તતી નિર્વૈયક્તિકતાની તુલનાએ આ નિર્વૈયક્તિકતાની માત્રા ઘણી ઓછી છે; ઓછી છે પણ નથી એમ નહિ. વિજ્ઞાનમાં વૈયક્તિકતાનો જે ઉત્તમોત્તમ અર્થમાં મહિમા છે એ હકીકતનો વિચાર કરીએ તો સાહિત્યિક સંશોધનોની સાહિત્યના વિજ્ઞાન સંદર્ભે એક મૂલ્યવાન ઉપકારકતા પણ દર્શાવી શકાય. સંશોધનો અને વિજ્ઞાનો મૂળભૂતપણે વૈયક્તિકતાનો લાભ લઈને જ પ્રગતિ પામ્યાં છે.

૫. શોધ–સંશોધનની 'વૈજ્ઞાનિક પદ્ધતિ'–સાયન્ટીફિક મૅથડ ઓવ્ ઇન્કવાયરી–એ રિનેસાંસની દેણ છે. ઈ. સ. ૧૫૦૦ થી ૧૭૦૦ સુધીના વિજ્ઞાનવિષયક વિકાસોનું અપર નામ તે, એ કારણે જ, 'વૈજ્ઞાનિક ક્રાન્તિ' છે. સામાન્યપણે આખા વિશ્વના અને સવિશેષ ભાવે પશ્ચિમના સમગ્ર માનવ ચિન્તન–હ્યુમન થૉટ–ઉપર વૈજ્ઞાનિક પદ્ધતિનો વ્યાપક અને મૂળગામી ક્રાન્તિઓ, પરિવર્તનો પ્રેરનારો પ્રભાવ છે. મધ્યયુગીન માનવચિન્તન રિનેસાંસ પૂર્વે સાવ જુદું જ હતું. મધ્યયુગીન મુસાફરે જ્યારે પાંચ પગવાળા પ્રાણીનો, કે જે પોતાનો આગલો પગ હાથ તરીકે વાપરે છે–નો ઉલ્લેખ 'હાથી' તરીકે કરેલો ત્યારે તેને તેમાં કશું અજુગતું નહોતું લાગ્યું. પણ આજે આપણા માટે મુસાફરની આ વાત હાસ્યાસ્પદ છે. કેમ કે હાથીને આપણે ઉત્ક્રાન્તિના એક તબક્કાનું, ઘોડો વાઘ વ્હેલ કે મનુષ્ય સાથેના અનુસન્ધાનવાળું એક સસ્તન વર્ગનું પ્રાણી છે એ રીતે ઓળખીએ છીએ. તે કાળના ચિન્તક પાસે વિશ્વમાં પ્રવર્તતાં આંતર અનુસન્ધાનોનો – ઇનર કનેકશન્સનો – એક જુદો જ સેટ હતો, આજે આપણી પાસે જુદો છે. જોકે આ મૂળગામી પરિવર્તનો પછી પણ, આજેય, કેટલીયે આદિમ સભ્યતાઓ પોતાના ભૂતકાલીન સેટ અનુસાર વિચારે છે – આજે પણ આદિવાસી પોતાના ટોટેમ–પ્રાણી સાથે પોતાને અભિન્ન ગણીને ચાલે છે. કેટલાયે ટાપુવાસીઓ પાસે પ્રત્યેક વૃક્ષનાં નામ છે, ને 'વૃક્ષ' જેવું જાતિવાચક નામ નથી તો અલાસ્કાની ઍસ્કીમો જાતિમાં બરફનાં અગિયાર રૂપો, પ્રકારોને ઓળખવાની ક્ષમતા એટલા માટે છે કે એમની ભાષામાં બરફને માટેના અગિયાર શબ્દો છે. આ શબ્દો અને વિભાવનાઓ વડે પ્રકૃતિ સાથેના તેમના સન્નિકર્ષો સ્થપાયા છે, એટલે કે એમની પાસે એક જુદી જ 'કન્સેપ્ચ્યુઅલ સિસ્ટીમ' છે. પરિદૃશ્યમાન વાસ્તવ અને વિભાવના વચ્ચે બુદ્ધિગ્રાહ્ય અને સયુક્તિક સમ્બન્ધો ઊભા કરી વિશ્વ વિશેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોક્કસ નિષ્કર્ષો અને પ્રતિપાદનો પાર આવવાની વિજ્ઞાનબુદ્ધિનો ઊગમ એ છેલ્લાં પાંચસો વર્ષના માનવીય વિકાસની પ્રમુખ લાક્ષણિકતા છે.

'વૈજ્ઞાનિક પદ્ધતિ'એ આવા કેટલાંક નિષ્કર્ષો અને પ્રતિપ્રાદનો પ્રસ્તુત કર્યાં છે : તેમાં પ્રમુખ પ્રતિપાદન આ છે : કે માનવ પ્રકૃતિ અને ભૌતિક પ્રકૃતિ કેટલાક સુસંગત અને સાતત્યપૂર્ણ નિયમોને વશ વર્તે છે. મધ્યયુગીન મનુષ્યને મન પ્રકૃતિ એક ચમત્કાર હતી. એમાં પ્રત્યેક ક્ષણે કશા દૈવી તત્ત્વનો હસ્તક્ષેપ થયા કરતો હતો. અને ચમત્કારોમાં હમેશાં વૈવિધ્ય આવ્યા કરતું હતું. વિજ્ઞાને શીખવ્યું કે પ્રકૃતિ યાદચ્છિક નથી, પણ નિયમબદ્ધ છે. આનો અર્થ એ થયો કે પ્રકૃતિના નિયમો મનુષ્યચિત્તને ગમ્ય છે. પરિણામે રિનેસાંસકાળથી વૈજ્ઞાનિક પદ્ધતિમાં અનિવાર્યપણે બે વસ્તુઓ આગળ તરી આવી : પ્રકૃતિ જો નિયમબદ્ધ છે અને તેના નિયમો જો બુદ્ધિગમ્ય છે તો તેને શોધવા એ વિજ્ઞાનનો પુરુષાર્થ બની રહે છે. એટલે આ ગાળામાં માનવ-આકાંક્ષા એવા પુરુષાર્થને રૂપે મૂર્ત થઈ ઊઠી : પહેલી વસ્તુ તે અનુભવમૂલક પ્રયોગવૃત્તિનો સ્વીકાર અને તેને અનુસરતી પ્રવૃત્તિ, એટલે કે નિરીક્ષણો અને પ્રયોગોનો મહિમા. પ્રાકૃતિક આવિર્ભાવોને સતત નીરખવા અને પ્રયોગો વડે તેમની ચકાસણી કરવી : બીજી વસ્તુ તે તર્કપૂત શોધબુદ્ધિનો સ્વીકાર અને તેને અનુસરતી પ્રવૃત્તિ, એટલે કે પૃથક્કરણો અને વર્ગીકરણોનો મહિમા. પ્રકૃતિની ગર્ભિત રહેલી સુસંગતિને વ્યાખ્યાબદ્ધ કરવી : આ અનુભવમૂલક પ્રયોગ – ઇમ્પિરિકલ એક્સપેરિમેન્ટ – અને આ તર્કપૂત શોધ – રેશનલ ઇન્કવાયરી – વડે જ વૈજ્ઞાનિક પદ્ધતિ પૂર્ણ બને છે.

કોઈ પણ સંશોધનમાં આ દ્વિવિધ સ્વરૂપની વૈજ્ઞાનિક પદ્ધતિનો વિનિયોગ થયો હોય છે, સંશોધનકારે એવો વિનિયોગ કરવાનો હોય છે.

૬. વૈજ્ઞાનિક પદ્ધતિના આ વ્યાપક સ્વરૂપનો જરા વીગતે વિચાર કરીએ. જ્ઞાનલબ્ધિની અન્ય પદ્ધતિઓ સાથે વિજ્ઞાનને સરખાવી જોતાં તેના સ્વરૂપ પર વિશેષ પ્રકાશ પાડી શકાશે.

વસ્તુ-પદાર્થોનું એટલે કે વાસ્તવિકતાનું જ્ઞાન મેળવવાની વિજ્ઞાન સિવાયની પણ રીતો છે : જેમ કે, પ્રગટીકરણ — રિવિલેશન — : એકાએક પ્રકાશ થાય છે કે આ આમ છે ! પ્રગટીકરણ દ્વારા લાધેલા જ્ઞાનની ભૂમિકા જાદુ અને રહસ્યમય અનુભવોની ભૂમિકા છે, તેમાં એક પ્રકારનું પારગામિત્વ – ટ્રાન્સેન્ડેન્ટલ એલિમેન્ટ – પ્રવર્તે છે. સંભવ છે કે આવું જ્ઞાન ખરું પણ હોય અને ખોટું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ હોય. પરંતુ આવા જ્ઞાનને બીજો માણસ બહારથી કેવી રીતે ચકાસી શકે ? આ વૈયક્તિક અનુભવ છે તેથી કોઈ પણ જાતના પડકારને એમાં અવકાશ નથી એવી માન્યતા પ્રવર્તે છે. બીજી રીત છે : આપ્તવચન – ઑથોરિટી — : અન્યના કે આપ્તજનના જ્ઞાનને આધારે બાબા વાક્યમ્ પ્રમાણમ્‌ની રીતે પણ જ્ઞાન મેળવાય છે. આપ્તજનને જ જ્ઞાનનો ભંડાર ગણી લેવાય છે. વિજ્ઞાનીઓ આપ્તવચનનો આશરો લે છે, પણ તેઓ હમેશાં એવાં પ્રમાણોનાં મૂળ સ્રોત તપાસીને જ તેમ કરતા હોય છે. ત્રીજી રીત છે : સહજ સ્ફુરણા — ઇન્ટયુઈશન – અહીં હૈયાસૂઝથી જ્ઞાન મેળવાય છે. અસમ્પ્રજ્ઞાતપણે વસ્તુપદાર્થોને વિશેની લાગણી જન્મે છે, જેમાં એમને વિશેનું જ્ઞાન પણ નિહિત હોય છે. આવું જ્ઞાન ચોક્કસ હોઈ શકે. પણ તે ખરું છે એમ કેવી રીતે નક્કી કરવું ? સહજસ્ફુરણાને વરેલા લોકો જ્ઞાનલબ્ધિ કેવી રીતે થઈ તેની તર્કસંગત વાત માંડી શકતા નથી. ચોથી રીત છે : સામાન્ય બુદ્ધિ – કૉમન સેન્સ – : આ રીતને ઘણી વાર ઇચ્છવાયોગ્ય લેખવામાં આવે છે. એમાં અનુભવોથી મળેલી શીખ તો છે જ, બલકે ઘણી વાર આપ્તવચન અને સહજસ્ફુરણાની રીતો પણ ભળેલી હોય છે. પણ, એકને સામાન્ય બુદ્ધિથી જે એકદમ સ્પષ્ટ અને કરણીય ભાસે તે બીજાને હાસ્યાસ્પદ લાગે એવું અનેક વાર બને છે તેનું શું ? એટલે પ્રશ્ન એ છે કે કોની સામાન્ય બદ્ધિમાં વિશ્વાસ કરવો ?

આ રીતો–પદ્ધતિઓના સંદર્ભમાં દેખીતો એ સવાલ ઊભો રહે છે કે બીજા માણસ માટે અહીં ચકાસણીને ભાગ્યે જ કશો અવકાશ છે. તેથી આ ચતુર્વિધ રીતોએ પ્રાપ્ત થયેલા જે તે જ્ઞાનનું યાથાર્થ્ય કેવી રીતે નક્કી કરવું ?

જ્યારે વિજ્ઞાનની રીતે મેળવેલું જ્ઞાન એમ દર્શાવી આપે છે કે આ રીત અનન્ય છે. એ ત્રણેક વાતે અનન્ય છે : એક : આ રીતમાં વિભાવની-કરણ – કન્સેપ્ચ્યુઆલિઝેશન – પાયાની બાબત છે. હાથ પરના પ્રશ્નનાં કયાં કયાં પાસાં ધ્યાનમાં લેવાનાં છે તેની અવધારણા કરવી. આ વિશે વિસ્તૃત નોંધ આગળ આવશે. બે : કેટલીક ચોક્કસ પૂર્વધારણા વડે વિજ્ઞાન વિકસે છે : એ ગૃહીતોમાં પહેલું એ કે વાસ્તવિકતા જ્ઞેય છે. બીજું એ કે જ્ઞાનેન્દ્રિયો શ્રદ્ધેય છે. ત્રીજું એ કે જ્ઞાનેન્દ્રિયો વડે મેળવાતી માહિતી કે જ્ઞાન વસ્તુલક્ષી – ઑબ્જેક્ટિવ – થવાનો ઉત્તમ માર્ગ છે. જ્ઞેય વાસ્તવિકતા અને જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતું એનું જ્ઞાન કાર્યકારણ-ભાવ પર આધારિત છે. સંશોધન કાર્યકારણ-ભાવનો ઘણો મહિમા કરે છે, એટલે કે એમાં કાર્યકારણ-ભાવ સૂચવનારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્બન્ધ-ભૂમિકાઓનો જ મુખ્યત્વે અભ્યાસ થાય છે. ત્રણ : વિજ્ઞાન સંભાવ્ય વિધાનો રજૂ કરે છે. એટલે કે એના નિષ્કર્ષો હમેશાં પરીક્ષાર્થે થયેલા હોય છે, ટેન્ટેટિવ હોય છે. વિજ્ઞાની હમેશાં એવી સંભવિતતા સ્વીકારીને ચાલતો હોય છે કે નવાં અવલોકનો – નિરીક્ષણો સાંપડતાં, પોતાના નિષ્કર્ષો ફેરફાર પણ પામે. સંશોધન અને વિજ્ઞાન એ રીતે કદી પૂરી ન થનારી પ્રક્રિયા છે.

૭. સાહિત્યકૃતિ એક લાક્ષણિક સંશ્લેષણ છે, અને સંશોધક માટે એક પદાર્થ છે. આ પદાર્થને વિશેનું જ્ઞાન સંશોધકને કઈ રીતે થતું હશે ? વિજ્ઞાન સહિતની ઉક્ત પાંચેય રીતોમાંથી સાહિત્યકૃતિ વિશેનું જ્ઞાન કઈ રીતે મેળવાતું હશે ? અહીં થોડો વિવેક કરવો જરૂરી લેખાશે. કૃતિના સમ્પર્કમાં આવતો સંશોધક પ્રાથમિક તબક્કે તો એક ભોક્તા છે, સહૃદય છે. અને તેથી તેનો હેતુ કૃતિનું જ્ઞાન મેળવવાનો નથી. કૃતિના આસ્વાદ-આનન્દ-અનુભવ પછી તેને કશી જ્ઞાનલબ્ધિ થાય, તો તેવું પરિણામ તેને અસ્વીકાર્ય નથી. સાહિત્યકૃતિઓ મૂળભૂતપણે આનન્દાનુભવનો હેતુ ધરાવે છે. તો શું એવા સહૃદયને કૃતિના આનન્દાનુભવને માટે આપણે વિજ્ઞાનની ઉક્ત રીતિ સૂચવવા માગીએ છીએ ? સંભવ છે કે એ સહૃદયે ઉક્ત રીતોમાંથી કોઈ પણ એક વડે અથવા પાંચેય રીતો વડે કૃતિ-પદાર્થનાં આસ્વાદ, આનન્દ અને જ્ઞાન મેળવી લીધાં છે. તો પછી કશા પણ સંશોધનને કશો પણ અવકાશ રહે છે ખરો ? કૃતિ સાથેનો એનો સન્નિકર્ષ વૈયક્તિક છે અને એ વિશે જો એને કશો પ્રશ્ન નથી, તો સંશોધનની કશી આવશ્યકતા ખરી ?

અહીં કહેવું જોઈએ કે પ્રાથમિક તબક્કે સંશોધક સૌ ભોક્તાઓ જેવો ભોક્તા છે, અથવા વધારે સારો ભોક્તા, એટલે કે સહૃદય છે. એનો સાહિત્યકૃતિનો આનન્દાનુભવ કે એનું તજ્જન્ય જ્ઞાન જ્યારે વ્યક્ત કરવાનો પ્રસંગ આવે છે ત્યારે જ કશો પણ પ્રશ્ન ઊભો થાય છે. એટલું જ નહિ, એ અભિવ્યક્તિને જ્યારે અન્યોને માટે સ્વીકાર્ય રૂપમાં, બુદ્ધિગમ્ય રૂપમાં રજૂ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે જ કશો પણ પ્રશ્ન ઊભો થાય છે. પ્રકૃતિ કે વાસ્તવિકતા સાથેના આપણા સંખ્યાબંધ વિનિમયોને આપણે બધી જ વખતે આમ વ્યાખ્યાબદ્ધ કરતા નથી, એવી કશી આવશ્યકતા પ્રતીત કરતા નથી. એવું જ સાહિત્યકૃતિની સાથેના સન્નિકર્ષો, પ્રતિભાવો, આઘાતો કે પ્રત્યાઘાતોને વિશે કહી શકાય. ટૂંકમાં, સંશોધન એક જુદી જ બૌદ્ધિક પ્રવૃત્તિ છે અને અગાઉ નિર્દેશ આપ્યો છે તેમ, કૃતિના આનન્દાનુભવ પછીની, 'પોસ્ટ ફેક્ટો' પ્રવૃત્તિ છે. પોતાના આસ્વાદ કે અનુભવને બીજાને સારુ વ્યાખ્યાબદ્ધ કરવા જતાં ભોક્તાને વૈજ્ઞાનિક પદ્ધતિનો આશરો લેવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે છે. અને તેમ થતાં એને કૃતિના આસ્વાદ કે આનન્દાનુભવમાં પડેલાં નર્યાં અંગત તત્ત્વોનો પરિચય મળી રહે છે, પોતાના આત્મનેપદી ગમાઅણગમા દેખાઈ આવે છે, કૃતિનું એવી ભૂમિકાએ કરેલું મૂલ્યાંકન એને ભૂલભરેલું લાગે છે. સંભવ છે કે વૈજ્ઞાનિક પદ્ધતિનો આશરો લેતાં એને આનાથી ઊલટું પણ લાગે. આમ પોતાના કૃતિને વિશેના સન્નિકર્ષને વિશે તેનામાં એક જાતની વિજ્ઞાન-બુદ્ધિનો ઉદય થાય છે, જે અન્તે ફળદાયી નીવડે છે.

આવા આત્મનેપદી કલાનુભવમાં વૈજ્ઞાનિકતાનો સૂત્રપાત કરવો અને એ રીતે વસ્તુલક્ષિતા કેળવવી તે સાહિત્યિક સંશોધનમાં પ્રાથમિક જરૂરિયાત બની રહે છે. બીજી ત્યાર પછીની જરૂરિયાત કૃતિમાં સૂત્રો અને નિયમોને બહિર્ગત કરવાં એ સ્વરૂપની છે. આમ થતાં સંશોધન કૃતિને વિશેના બહુશઃ એક બિનંગત અને સયુક્તિક જ્ઞાનમાં પરિણમશે. એવું જ્ઞાન વૈજ્ઞાનિકતાનો નિષ્કર્ષ હશે તેથી પૂર્ણ નહિ હોય, એમાં શોધસંશોધનને અવકાશ હમેશાં રહેશે.

અહીં મુખ્યત્વે તર્કની આનુમાનિક પદ્ધતિનો આશ્રય લેવો પડશે – કૃતિના વિશિષ્ટ એકમોથી સામાન્ય સિદ્ધાન્તની દિશામાં વિસ્તરવું પડશે. જોકે વિશિષ્ટ એકમોને વિશેના નિષ્કર્ષો અંગે સંશોધકને ઘણીવાર અહીં તર્કની નિગમનાત્મક પદ્ધતિનો પણ આશ્રય લેવો પડશે – સાહિત્યકલાને વિશેના કેટલાક સામાન્ય સિદ્ધાન્તોથી વિશિષ્ટ સ્વરૂપનાં નિગમનોની દિશામાં વિસ્તરવું પડશે. એ રીતે તર્કની બેય પદ્ધતિઓનો વિનિયોગ થતાં આ પ્રકારના સાહિત્યિક સંશોધનમાં સિદ્ધાન્ત અને સંશોધનના પ્રશ્નોનો સામનો કરવાનો પ્રસંગ પણ આવશે. જેમ કે, કૃતિના વિશિષ્ટ એકમનું કલાના સર્વસામાન્ય સિદ્ધાન્તને આધારે આકલન કરી, પરીક્ષણને અંતે, સિદ્ધાન્તની પુષ્ટિ કે પૂર્તિ કરતાં વિધાનો રજૂ કરવાં ? કે પછી વિશિષ્ટ એકમોનું આકલન કરી, પરીક્ષણને અંતે, નવા સિદ્ધાન્તો રચવા ? આ પ્રશ્નોનો ઉત્તર આપણને સિદ્ધાન્ત અને સંશોધનના સમ્બન્ધોની ચર્ચામાં લઈ જશે.

એ ચર્ચાનો નિર્દેશ કરીએ તે પહેલાં અહીં ઉમેરવું ઘટે કે સાહિત્યિક સંશોધક વૈજ્ઞાનિક પદ્ધતિમાં પડેલી અનુભવમૂલક પ્રયોગવૃત્તિનો પોતાના સંશોધનને પૂરો લાભ આપશે. એટલે કે એમાં નિરીક્ષણો અને પ્રયોગો જેટલા વધારે સંગીન હશે તેટલી વધુ સંગીન એની તર્કપૂત શોધ હશે.

૮. સાહિત્ય-વિવેચનમાં પણ વિવેચકને વૈજ્ઞાનિક પદ્ધતિનો આશ્રય કરવો પડે છે. જો તે તેમ ન કરે તો કૃતિને વિશેની તેની વાત ગમે તેટલી સારી ભાષામાં વ્યક્ત થઈ હોય છતાં અંગત છાપવાળી જ રહી જાય છે, અને તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના સ્વીકાર–અસ્વીકાર વિશે વ્યર્થ વિવાદ ચાલ્યા કરે છે. આવા વિવાદને ઘણીવાર સમૃદ્ધિ કે વિકાસને રૂપે ઘટાવાય છે, એવી વાત કરીને કે કલાકૃતિને વિશે એકમતિ અસંભવિત છે. હકીકત એવી છે કે અંધાધૂંધી અને તર્કપૂત શોધ વચ્ચે ઘણો ફર્ક છે. પેલો વ્યર્થ વિવાદ ઘણીવાર અંધાધૂંધીનું પરિણામ હોય છે. જ્યારે વૈજ્ઞાનિક પદ્ધતિનાં વિધાનો વધુ સંશોધન માટે હમેશાં ખુલ્લાં હોય છે તેથી તેમને વિશેનો વિવાદ વિજ્ઞાન–નિબદ્ધ વ્યવસ્થાનું પરિણામ હોય છે. ખરેખર તો વિવેચકનું વચન પણ વધુ શોધ માટે ખુલ્લું રહેવું જોઈએ, તેને બદલે તે આપ્તવચનની કોટિમાં સરી પડે એવું બને છે. એ વચનને અનુભૂતિમૂલક પ્રયોગનો પૂરતો લાભ મળ્યો હોય તો એના સ્વીકારમાં કશી મુશ્કેલી પડતી નથી. વિવેચન અને સંશોધન આ ભૂમિકાએ સરખેસરખાં છે, એકમેકને પૂરક છે, ઘણે અંશે એકમેકનાં પર્યાય પણ છે. આ ભૂમિકાએ બંનેમાં કૃતિ–અંતર્ગત સૂત્રો અને નિયમોની વ્યાખ્યાઓ થાય છે અને તેમાં પ્રવર્તતી જુદી જુદી સમ્બન્ધ-ભૂમિકાઓ પર પ્રકાશ પડે છે. એ જુદા જુદા એકમો વચ્ચેના જે તે સમ્બન્ધો ઉકેલાતાં કૃતિની સમગ્ર સંરચના પર પ્રકાશ પડે છે. ત્યાર પછીની ભૂમિકાઓમાં વિવેચન અ-મર્યાદપણે સંશોધનથી મુખ્યત્વે મૂલ્યાંકનની દિશામાં ફંટાઈ જાય છે. એ પાછળ, કશોક અભિગમ સ્થિર કરનારી ચોક્કસ ફિલસૂફી પડેલી હોય છે અને એ મૂલ્યાંકન શાસ્ત્રબદ્ધ થયા પૂર્વે અને પછી પણ અનેકશઃ વૈયક્તિ હોય છે. સંશોધન પણ આગળની ભૂમિકાઓમાં, જો તેની પ્રતિજ્ઞામાં આવતું હોય, અને જો તેના વિભાવની-કરણમાં આમેજ થયું હોય તો એવી દિશામાં વિસ્તરી શકે, એ પણ મૂલ્યાંકન બની શકે. પણ તે મૂલ્યાંકન પ્રમાણમાં ઓછું વૈયક્તિક હશે. પણ અહીં નોંધવું ઘટે કે વિજ્ઞાન અને સંશોધનનો પાયો અનુભૂતિમૂલક પ્રયોગ અને તર્કપૂત શોધનો હોઈને તે વર્ણન અને અર્થઘટન પછીની મૂલ્યાંકનની દિશા અન્યોને માટે બાકી રાખે છે. ગમે તેટલાં વૈજ્ઞાનિક પણ અંતિમ મૂલ્યાંકનો આપવાની તેની નેમ કદી હોઈ શકે જ નહિ. આ અર્થમાં સંશોધન સ–મર્યાદ છે.

વિવેચન જોકે મૂલ્યાંકનની પરિપાટીએ પણ વિવાદો જગવનારી પ્રવૃત્તિ બની શકે છે. કયું મૂલ્યાંકન વધારે સાચું અને કયું ખોટું તે નક્કી કરવાનું મુશ્કેલ બને છે. આ મુશ્કેલીનો વિચાર વિવેચનની ફિલસૂફીમાં–મૅટાક્રિટીસિઝમમાં–નોંધ-પાત્રપણે થયેલો છે. અહીં પણ સૈદ્ધાન્તિક અને પ્રત્યક્ષ વિવેચનના સમ્બન્ધોનો સામનો કરવાનો આવે છે. સાહિત્યકલાના કોઈ સર્વસામાન્ય સિદ્ધાન્તો છે ? હોઈ શકે ખરા ? જો હોય, તો નિગમનાત્મક તર્કપદ્ધતિએ કેટલાક કૃતિ-વિશેષોને વર્ણવી શકાય, તેમનું પરીક્ષણ કરી શકાય. નહિ તો કૃતિ–વિશેષોને વૈજ્ઞાનિક પદ્ધતિ વડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાખ્યાબદ્ધ કરીને સાહિત્યકલા વિશેના કેટલાક સામાન્ય સિદ્ધાન્તો સ્થાપી શકાય. ઍરિસ્ટૉટલે કે મલ્લીનાથ, દણ્ડી વગેરે આચાર્યોએ પોતાને પ્રાપ્ત કૃતિ-વિશેષો પરથી ટ્રૅજેડી કે મહાકાવ્ય વિશેના અને છેવટે સાહિત્યકલા વિશેના કેટલાક સામાન્ય સિદ્ધાન્તો આપેલા છે. આજ સુધીનું સમગ્ર સિદ્ધાન્ત-વિવેચન આ પરિપાટીની પ્રવૃત્તિ છે. તે આનુમાનિક તર્ક-પદ્ધતિએ વિકસેલું છે. પણ સાહિત્યક્ષેત્રે તો પ્રત્યેક કૃતિને નવોન્મેષ લેખવામાં આવે છે, પ્રત્યેક કૃતિમાં કશો વિશેષ છે અને તે આસ્વાદ-આનન્દમાં મહત્ત્વનો ભાગ ભજવે છે એમ માનવામાં આવે છે, પ્રત્યેક કૃતિને અલગ સૃષ્ટિ લેખવામાં આવે છે. આગળ વધીને પ્રત્યેક કૃતિને અદ્વિતીય પણ ગણવામાં આવે છે. જો આ સ્થિતિ હોય તો કૃતિની અદ્વિતીયતાની પરીક્ષા કૃતિ પૂર્વે જન્મેલા સિદ્ધાન્તો વડે શી રીતે કરી શકાય? સાહિત્યકલામાં જ્યારે પ્રયોગશીલ કૃતિઓનો ગાળો બેસે, ત્યારે એ પ્રયોગોને તેની પૂર્વેની પરમ્પરામાં સ્થિર થયેલા માનદણ્ડો વડે શી રીતે માપી શકાય? સાહિત્યકલામાં સાહિત્યિક મૂલ્યો-લિટરરી વેલ્યૂઝ્-કદી સનાતન હોઈ શકે? ગમે તેટલું સંગીત વૈયક્તિક મૂલ્યાંકન સિદ્ધાન્ત બની શકે?

સૈદ્ધાન્તિક વિવેચન અને પ્રત્યક્ષ વિવેચન વચ્ચેના આ પ્રશ્નનો સાહિત્યિક સંશોધનમાં પણ સામનો કરવો પડે તે સ્વાભાવિક છે. વાસ્તવમાં આ પ્રશ્ન સિદ્ધાન્ત અને સંશોધન વચ્ચેનો છે, અને તેણે સંશોધન અને વિજ્ઞાનના ક્ષેત્રે ઠીક ઠીક ઊહાપોહ જગવેલો છે. એ ઊહાપોહના પહેલા પરિપ્રેક્ષ્ય અનુસાર એવું દૃષ્ટિબિંદુ સ્થિર થઈ આવ્યું છે, કે સિદ્ધાન્ત સંશોધનને દોરે છે અને સંશોધન વડે સિદ્ધાન્ત વિકસે છે. આ હકીકત, વિજ્ઞાનમાં 'બિલ્ડિંગ બ્લૉક નોશનને' નામે જાણીતી છે. એ ખયાલ અનુસાર નવું વિજ્ઞાન જન્મે છે અને તે જૂનાનું સંશોધન-સંવર્ધન કરે છે. આ પરિપ્રેક્ષ્ય ઠીકઠીકપણે પરમ્પરાગત છે, જ્યારે બીજો પરિપ્રેક્ષ્ય આધુનિક છે. તદનુસાર એવું દૃષ્ટિબિંદુ સ્થિર થઈ આવ્યું છે, કે સિદ્ધાન્તો ગેરરસ્તે દોરનારી વસ્તુ છે. આ પરિપ્રેક્ષ્યમાં શ્રદ્ધા ધરાવનારાઓની લાગણી એવી છે કે મહત્ત્વનાં તથ્યો અનાવૃત્ત થતાં જ નથી-કેમ કે સિદ્ધાન્તો વડે એવું સૂચન મળતું જ નથી કે એ તપાસવા જેવાં છે। આમ પૂર્વવર્તી સિદ્ધાન્તો કે વિજ્ઞાનો નવા સિદ્ધાન્તો કે નવાં વિજ્ઞાનો માટે કુણ્ઠા બની રહે છે. એટલે નવું વિજ્ઞાન જૂનાં બંધનો ફગાવીને એક સર્જનાત્મક વિજ્ઞાન – ક્રિએટિવ સાયન્સ – બની રહે છે, જેના નૂતન પ્રકાશમાં આપણી આપણા 'વાતાવરણ' વિશેની સમજ વધે છે. આ ઊહાપોહનું ફલિત એ છે કે સિદ્ધાન્ત અને સંશોધન પરસ્પરને પૂરક છે એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજ વિશે ધ્યાન કેન્દ્રિત કરવું. બાકી વૈજ્ઞાનિક દષ્ટિનો અર્થ જ એ છે, કે નવા વિચારો, સિદ્ધાન્તો, વિધાનો કે પ્રતિજ્ઞાઓમાંની સર્જનાત્મકતાનો અરૂઢ સંશોધનો અર્થે વિનિયોગ કરવો અને શોધયાત્રાને નિરંતર જીવતી રાખવી.

સાહિત્ય-વિવેચન અને સાહિત્યિક સંશોધન, સિદ્ધાન્ત અને તેના પ્રત્યક્ષ વિનિયોગમાં આવું દષ્ટિબિંદુ રાખીને વિકસે તે મહત્ત્વનું છે. કૃતિ એક સંશ્લેષણ છે, પણ તેવા સંશ્લેષણની પદ્ધતિ મોટે ભાગે રૂઢ હોઈને કૃતિ એક રૂઢિ – કન્વેન્શન – છે એમ પણ ઘટાવાય છે. સાહિત્યકલાનું પ્રાણભૂત તત્ત્વ નવોન્મેષ છે, પણ તેવા નવોન્મેષનું પ્રગટીકરણ મોટે ભાગે પરમ્પરાગત તરેહોમાં થતું હોય છે. એટલે કે સાહિત્યની પરમ્પરા હોય છે અને એવા પરમ્પરાગત સાહિત્યના વિવેચનમાં કે સંશોધનમાં સાહિત્કલાના સામાન્ય સિદ્ધાન્તોની ભૂમિકાએ જ કૃતિઓને તપાસવી પડે છે. સાહિત્યિક પરમ્પરાઓ તૂટે છે ત્યારે નવોન્મેષના તત્ત્વની માત્રા વધી પડે છે, અને કૃતિઓ મોટે ભાગે પ્રયોગશીલ તરેહોમાં પ્રગટે છે. એવી પ્રયોગશીલ કૃતિઓના વિવેચનમાં કે સંશોધનમાં કૃતિ-વિશેષો પરથી સિદ્ધાન્તો રચવાની દિશામાં વિસ્તરવાનું હોય છે. પરમ્પરા અને પ્રયોગ, વળી પરમ્પરા; તેવી જ રીતે સિદ્ધાન્ત અને સંશોધન, વળી સિદ્ધાન્ત– એમ વિકાસ ક્રિયા-પ્રતિક્રિયાની રીતે થતો હોય છે.

સાહિત્યિક સિદ્ધાન્તો કોઈ પણ સિદ્ધાન્તોની જેમ કશા ભંડારમાં ભરેલા નથી કે તમે ઇચ્છો ત્યારે તમને કામ આવી શકે, ને કામ પત્યે તમે તેને વળી પાછા ભંડારમાં મૂકી દઈ શકો! તેમને શોધવાના હોય છે, સંશોધવાના હોય છે–હમેશાં.

૯. સાહિત્યિક સંશોધનના સંદર્ભે અત્યારલગી આપણે સાહિત્યકૃતિની વાત લઈને ચાલ્યા છીએ. વળી કૃતિ, ભોક્તામાં આસ્વાદ–આનન્દ–જ્ઞાન-વિષયક જે પ્રતિભાવ પેદા કરે તેને આપણે સાહિત્યિક સંશોધનની સામગ્રી ગણી છે. આ સામગ્રી કેન્દ્રવર્તી છે. સાહિત્યક્ષેત્રે સાહિત્યકૃતિઓ ઉપરાન્ત કર્તાઓ પણ, એટલે કે કેટલાક સાહિત્યકારો પણ સ્પૃહણીય નીવડતા હોય છે અને તેમને વિશે પણ સંશોધનો થતાં હોય છે. વળી, સાહિત્યક્ષેત્રે કૃતિ, કર્તા પછી કેટલાક સાહિત્યિક યુગોની પણ કેટલીક લાક્ષણિકતાઓ આકર્ષક બની હોય છે, એવા યુગોને વિશે પણ સંશોધનો થતાં હોય છે. તો સાહિત્યક્ષેત્રે કેટલાક સાહિત્યપ્રકારો પણ એવા જ નોંધપાત્ર સ્થાને હોય છે, તેમને વિશે પણ સંશોધનો થતાં હોય છે. આ બધા ઉપરાન્ત, સાહિત્યક્ષેત્રે કેટલાક સાહિત્યિક વિભાવો પણ ધ્યાનાર્હ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન્યા હોય છે, તેમને વિશે પણ સંશોધનો થતાં હોય છે, વિવેચનમાં આ વિભાવોનો સાક્ષાત્ વિનિયોગ હોય છે. તેથી આ છેલ્લો સંશોધન-પ્રકાર વિવેચનના સંશોધનનો પ્રકાર છે. પરંતુ કૃતિ પછીના, કર્તા, યુગ, પ્રકાર, વિભાવ વિશેનાં તમામ સંશોધનોના કેન્દ્રમાં કૃતિ છે અને તેથી કૃતિવિષયક સાહિત્યિક સંશોધનની તમામ ચર્ચા આ બધાં સંશોધનોને પણ તાત્ત્વિક રીતે તેમ જ પ્રત્યક્ષપણે લાગુ પડે છે. જેમ વિવેચનના કેન્દ્રમાં કૃતિ છે, તેમ સાહિત્યિક સંશોધનના કેન્દ્રમાં પણ કૃતિ છે.

અહીં એ ઉમેરવું જરૂરી લેખાશે, કે કૃતિના આસ્વાદ–આનન્દ–જ્ઞાનવિષયક પ્રતિભાવની એક ભૂમિકા ભોક્તાની અંગતતામાં રહેલી છે, પણ બીજી ભૂમિકા કલામીમાંસામાં–ઍસ્થેટીકસમાં–પણ પડેલી છે જ. સાહિત્યકૃતિ વિશેનો વિચાર કલાકીય સંદર્ભમાં વિસ્તરતો હોય છે. કોઈ પણ કૃતિમાં સિદ્ધ થયેલું શબ્દ–સંયોજન જે સ્ફુરણો જન્માવે છે તે કલાની દિશાનાં સ્ફુરણો છે. ભોક્તાના પ્રતિભાવનું કારણ કલામાં રહેલું છે, કૃતિગત અદ્વિતીયતામાં રહેલું છે. સાહિત્યિક સંશોધનમાં તર્ક, વૈજ્ઞાનિક પદ્ધતિ કે પદ્ધતિ–વિજ્ઞાનનો જેટલો અને જેવો મહિમા છે, તેટલો અને તેવો એ જે હેતુને માટે અસ્તિત્વ ધરાવે છે તે કલાનો અને કલામીમાંસાનો પણ છે જ. પરિણામે સાહિત્યિક સંશોધનમાં કૃતિગત અદ્વિતીયતાને વ્યાખ્યાબદ્ધ કરવા ઉપરાન્ત, કલામીમાંસાના કેટલાક કૂટ પ્રશ્નોનો સામનો કરવાનો આવે છે; સવિશેષ તો, વિભાવો અને વિવેચનનું સંશોધન હાથ ધરાયું હોય ત્યારે, ચર્ચા ઠીક ઠીકપણે ફિલોસોફીમાં દાખલ થતી હોય છે. આ ચર્ચામાં 'મૅટાક્રિટીસઝમ'ની પરિપાટી ઉપકારક નીવડી આવે, એ ઘણું સંભવિત છે.

અહીં એક બીજી મહત્ત્વની વાત ઉમેરવી જરૂરી લેખાશે, કે કોઈ પણ સાહિત્યકૃતિમાં સિદ્ધ થયેલું શબ્દસંયોજન કલાપરક સ્ફુરણો તો પ્રગટાવે જ છે, પણ એ એક શબ્દસંયોજન છે, એટલે કે એક ભાષાકીય હસ્તી છે, 'લિન્ગ્વીસ્ટીક એન્ટીટી' છે. કોઈ પણ કૃતિ કલા જન્માવે છે, પણ મૂળે તો તે ભાષાની બનેલી છે. એક સૉનેટના સમગ્ર સૌન્દર્યમાં એક કલ્પનનો ચોક્કસ ફાળો હોય છે, જે એ સૉનેટના આનન્દાનુભવનાં અનેક કારણોમાંનું એક કારણ પણ છે. છતાં એ કલ્પન ભાષાનું બનેલું છે, એ ભાષાકીય નિયમોને વશ વર્તતું શબ્દસંયોજન છે. એટલે કલ્પનની કલામીમાંસાની ભૂમિકાએ તો તપાસ થાય તે સ્વાભાવિક છે, પણ તેની સંરચનાની–તેના સ્ટ્રક્ચરની–ભાષાવિજ્ઞાનની ભૂમિકાએ થનારી તપાસ પણ એટલી જ સ્વાભાવિક લેખાવી જોઈએ. બલકે કૃતિના સંશોધનની શરૂઆત કૃતિની સમગ્ર ભાષાકીય સંરચનાથી થવી ઘટે, કેમ કે શબ્દોની આ અને આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ જાતની સંરચના ન થઈ હોત, તો સંભવ છે કે કૃતિનાં કલાકીય સ્ફુરણો આવાં અને આવાં ન હોત, જુદાં જ હોત, સંભવ છે કે કલાકીય કોટિમાં આવે એવાં પણ ન હોત. કલ્પનની આ અને આ જ જાતની સંરચના ન થઈ હોત તો સંભવ છે કે સૉનેટના આનન્દાનુભવનાં અનેક કારણોમાંનું એક કારણ તે ભાગ્યે જ બની શક્યું હોત, સંભવ છે કે સૉનેટના સમગ્ર સૌન્દર્યમાં તેનો ભાગ્યે જ કશો ફાળો હોત.

ભાષા કલાને ધારણ કરે છે. તેથી સાહિત્યિક સંશોધનમાં કેટલાક ભાષાકીય પ્રશ્નોનો સામનો કરવાનો પણ આવે જ. એટલે કે સાહિત્યિક સંશોધન ભાષાવિજ્ઞાનનો પણ કલામીમાંસાના જેટલો જ આધાર લેશે. એટલું જ નહિ સંકેતવિજ્ઞાન, સંરચનાવાદ કે ભાષાવિજ્ઞાનીય સાહિત્યમીમાંસા જેવાં સંલગ્ન વિજ્ઞાનો પણ અહીં ઉપકારક નીવડી આવે, એ ઘણું સંભવિત છે. આ મુદ્દો એક બીજા સંદર્ભે અહીં મહત્તાપૂર્ણ છે. કૃતિનો પૂરો કલાનુભવ થાય તેનો પ્રારંભ કૃતિના શબ્દપરક અર્થ–મિનિંગ–થી થતો હોય છે. છતાં આજની સાહિત્યમીમાંસામાં અર્થનો પ્રશ્ન એક કૂટ પ્રશ્ન છે. 'અર્થ' ક્યાં છે અને કેવી રીતે નિષ્પન્ન થાય છે ?–નો વિચાર આજે કેન્દ્રવર્તી છે. આ ભૂમિકાએ કૃતિ એક ઉક્તિ છે, ડિસ્કોર્સ છે. આ ઉક્તિ સંક્રમણ માટેની એક સંકેતવ્યવસ્થા છે, કમ્યુનિકેશન માટેની એક સિગ્નીફાઇંગ સિસ્ટીમ છે. સામાન્ય સંક્રમણ અને સાહિત્યિક સંક્રમણ વચ્ચે ચોક્કસ તફાવત છે. એ તફાવતનું સ્વરૂપ સમજવું જરૂરી છે. કેમ કે સંશોધક જે કલાનુભવ સાથે પાનું પાડે છે તેના સંદર્ભે સાહિત્યિક સંક્રમણ ઘણે અંશે નિર્ણાયક હોય છે. આ ભૂમિકાએ કૃતિ પ્રત્યેનો ભોક્તાનો આસ્વાદ–આનન્દ–જ્ઞાનવિષયક પ્રતિભાવ એક સંકુલ અને સમગ્ર અર્થ છે. એ અર્થનો ઉપચય પેલા શબ્દપરક અર્થથી સ્ફુરીને કેવી રીતે થઈ આવ્યો તે સમજવા સાહિત્યિક સંક્રમણ સમજવું અત્યન્ત જરૂરી છે. સંક્રમણ, કૃતિ અને ભોક્તાને જોડતી એક મહત્ત્વની પ્રક્રિયા છે. એટલા માટે મહત્ત્વની, કે કૃતિ એ પ્રક્રિયાને કારણે જ ભોક્તા સુધી પહોંચતી હોય છે. સાહિત્યિક સંશોધનમાં એને ઉકેલી લેવી જોઈએ.

આ બધા મુદ્દાઓનો અલગ અલગ રીતે વીગતે વિચાર રજૂ કરવો જરૂરી લેખાશે.

**૧૦.** 'મેઘદૂત', 'ઘરે–બાહિરે', 'ઑથેલો' કે 'વિશ્વશાંતિ'નું કૃતિ–લક્ષી સાહિત્યિક સંશોધન કરતી વખતે તર્ક, વૈજ્ઞાનિક પદ્ધતિ કે પદ્ધતિવિજ્ઞાન ઉપરાંત કલામીમાંસા અને ભાષાવિજ્ઞાનની અનેકવિધ ભૂમિકાઓનો વિનિયોગ કરવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિવાર્ય છે. કૃતિ જ્યારે પ્રાચીન કે મધ્યકાલીન ભાષામાં લખાઈ હોય ત્યારે, કૃતિ-લક્ષી સંશોધનમાં, લિપિવાચન અને પાઠ-નિર્ણયના પ્રશ્નો પણ ઉમેરાશે. પણ જ્યારે કોઈ સંશોધક કવિ કાલિદાસનો, નવલકથાકાર રવીન્દ્રનાથનો, નાટયકાર શેક્સપીઅરનો કે કવિ ઉમાશંકરનો વ્યાપક સ્વરૂપનો વિચાર કરે છે, અને તે તેની તે તે પ્રતિભાશક્તિનો વિચાર કરે છે, ત્યારે તેનું તેમને વિશેનું સંશોધન કર્તાલક્ષી બની જાય છે. આ સંશોધન સાહિત્યકાર તરીકેની સમગ્ર પ્રતિભાને આવરી લેનારું પણ હોઈ શકે. એટલે કે માત્ર કવિ કાલિદાસનો નહિ, પણ સંશોધક સાહિત્કાર કાલિદાસનો વિચાર કરે અને તેમ કરી સંશોધનને વિકસાવે. બૅકેટ, સૂરદાસ, પ્રેમચંદ વગેરે વગેરે સાહિત્યકારોની સમગ્ર સાહિત્યપ્રવૃત્તિ અહીં સંશોધનનો વિષય બને છે એ ખરું, પણ સાહિત્યકારની સમગ્ર સાહિત્યપ્રવૃત્તિ એટલે એના વડે રચાયેલી બધી જ સાહિત્યકૃતિઓ : એટલે કે એની સર્જનાત્મક કૃતિઓ તો ખરી જ, પણ એના વડે લખાયેલી બધી જ વિવેચનકૃતિઓ પણ ખરી. એની અનુવાદપ્રવૃત્તિ કે એના વડે થયેલાં સમ્પાદનો અને સંશોધનો પણ. સાહિત્યકૃતિ વિશેનું સંશોધનતન્ત્ર અહીં કેન્દ્રમાં રહે છે પણ ધ્યેય બદલાય છે. કૃતિલક્ષી સંશોધનાત્મક નિષ્કર્ષો અહીં એક નવા ધ્યેયને સારુ વપરાય છે. ધ્યેય છે સાહિત્યકારની સમગ્ર પ્રતિમાને અને પ્રતિભાને ઉપસાવી આપવાનું. કવિ કાલિદાસ કે સાહિત્યકાર બૅકેટને વિશેના સંશોધનનું ધ્યેય એ છે કે એમાં કાલિદાસની કવિ તરીકેની કે બૅકેટની સાહિત્યકાર તરીકેની પ્રતિમા ઊપસી આવવી જોઈએ, તેમની એવી પ્રતિભાનો ચોક્કસ પરિચય મળવો જોઈએ. સાહિત્યકારની સાહિત્યિક પ્રવૃત્તિ તેના જીવનની બીજી અનેક પ્રવૃત્તિઓમાંની એક છે, તેથી તેના જીવનનો આવશ્યક સંદર્ભ રચવો તે આ જાતના સંશોધનમાં અનિવાર્યતા બની રહે છે. અહીં 'આવશ્યક સંદર્ભ' પર ભાર મુકાય તે જરૂરી છે, કેમકે સંશોધન નિમિત્તે સાહિત્યકારની જીવનકથા લખવાની નથી. કર્તાલક્ષી સંશોધનમાં આમ ઇતિહાસ-વિષયક પરિમાણને પ્રવેશ મળે છે.

સાહિત્યિક યુગો વિષય બનાવતાં સંશોધનોમાં કૃતિ-કર્તા લક્ષી સંશોધન-તન્ત્રો તો હોય જ, પણ તેમાં ઇતિહાસવિષયક પરિમાણનો વિકાસ થાય છે. સંશોધકનું ધ્યેય અહીં યુગની સાહિત્યિક વિશેષતાઓને તેમજ લાક્ષણિકતાઓને આગળ કરવાનું છે. એલિઝાબેથન યુગનું કે ગાંધીયુગનું સાહિત્યિક સંશોધન કૃતિ-કર્તા-લક્ષી સંશોધનાત્મક નિષ્કર્ષોનો આ ધ્યેય અર્થે ઉપયોગ કરે છે. પણ તે વધુ ને વધુ ભાવે સાહિત્ય અને તેને સર્જનારાં-ઘડનારાં પરિબળોને તેમજ તેમની વચ્ચે પ્રવર્તતી આન્તરપ્રક્રિયાઓને અભ્યાસે-અવલોકે છે. સંશોધન અહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિવાર્યપણે સાહિત્યેતર અને સાહિત્યેતર તત્ત્વોનો સમાસ કરવું વિકસે છે. સંશોધકે આ પ્રકારમાં ધારો કે પ્રાચીન કે મધ્યકાલીન યુગવિશેષોને વિષય તરીકે અપનાવ્યા હોય તો તે તે ભાષાનાં પ્રાચીન કે મધ્યકાલીન રૂપોનો તેણે સામનો કરવાનો આવશે, અને એ રીતે લિપિવાચનના પ્રશ્નો પણ જે તે યુગના સંદર્ભે તેણે વ્યાપક ભાવે ચર્ચવા પડશે. સાહિત્યિક યુગો માત્ર સમય કે વ્યક્તિ-કેન્દ્રી નથી હોતા, કેટલીક વાર તે અમુક વાદ-વિચાર કે વિભાવ-કેન્દ્રી પણ હોય છે. જેમકે અસ્તિત્વવાદી-સરૂરિયાલિસ્ટ-સાહિત્યનો અમુક એક પ્રવાહ ચાલ્યો હોય. અથવા તો 'ઍબ્સર્ડ થિયેટર'-કે જે એક શક્તિશાળી આંદોલનની જેમ અમુક ગાળામાં છવાઈ ગયું હોય. આવે વખતે સંશોધન માટે તે તે વાદ-વિચાર કે વિભાવના ઉદ્ભવ અને વિકાસની તપાસમાં પડવાનું પણ જરૂરી બની જશે. યુગવિશેષનું સંશોધન આમેય ઇતિહાસપરક ઉપરાન્ત કેટલાંક સંવેદનપરક તારણો આપીને રહે છે તે જાણીતું છે.

ઊર્મિકાવ્ય, મહાકાવ્ય, મુક્તક, હાઇકુ, પદ્યનાટક, નવલકથા, નવલિકા, નાટક, આત્મકથા, જીવનકથા વગેરે વગેરે સાહિત્યપ્રકારો કશાં જડ ચોકઠાં નથી, પણ રસકીય કોટિઓ-એસ્થેટીક કેટેગરીઝ-છે એ વિચારને એમને વિશેનાં સંશોધનોમાં પ્રાધાન્ય મળવું જોઈએ. આ સંશોધનો કર્તા અને યુગનાં સંશોધનોની સરખામણીએ નાનું ફલક ધરાવે છે તેથી અને બીજી રીતે પણ તેમાં વૈજ્ઞાનિક ઝીણવટોનો અવકાશ વધી જાય છે.

આ પૂર્વેના બંને પ્રકારોમાં જોવા મળતું ઇતિહાસવિષયક પરિમાણ અહીં પણ ચાલુ રહે છે, કેમ કે સાહિત્યપ્રકારોને પણ પોતાનો ઉદ્ભવ અને વિકાસ હોય છે, તેમને વિશે પણ આકર્ષણો જન્મતાં હોય છે, તેમને પણ પડતા મૂકવામાં આવે છે, તેમને વિશે પણ ઉત્થાન-પતન ચિહ્નિત થતાં હોય છે. ઐતિહાસિક વારાફેરાને પરિણામે સાહિત્યપ્રકારોમાં આવયવિક ફેરફારો થતા હોય છે, સ્વરૂપવિષયક ઉત્ક્રાન્તિના તબક્કા આવતા હોય છે. આવી ઉત્ક્રાન્તિઓ સર્જકોની અભિવ્યક્તિવિષયક જરૂરિયાતો સાથે સંલગ્ન હોય છે. આ વીગતોનો સાર એ છે કે સાહિત્યપ્રકારો ઐતિહાસિક પ્રક્રિયાને વરેલા હોય છે. તેને અંગેના સંશોધનમાં આ પ્રક્રિયાનો હિસાબ મળવો જોઈએ.

તો, બીજી તરફથી સાહિત્યપ્રકારો સાહિત્યસર્જનની જુદી જુદી રૂઢિઓ છે, કન્વેન્શન્સ છે. તેમને વિશે જોવા મળતી ગતિશીલ ઐતિહાસિક પ્રક્રિયા વખતે જ, તેમનાં કેટલાંક લક્ષણો રૂઢ થતાં આવે છે. એ રૂઢ લક્ષણોને આવશ્યકતા વિના

For Private And Personal Use Only

સાહિત્યકાર તોડતો નથી, બલ્કે અન્ય પ્રકારનાં પ્રયોગશીલ તત્ત્વોનો લાભ લેવા માટે તેને ચુસ્તીથી વળગી રહે છે. એ રૂઢ માળખું વાચકોનો, ભોક્તાઓનો પ્રતિભાવ નિર્ણિત કરનારું એક પરિચિત માળખું–મિટિંગ પૉઈન્ટ–છે. સાહિત્ય-પ્રકારોની આ વિરોધાભાસી લાક્ષણિકતાઓમાં આ રીતે પ્રયોગ અને પરમ્પરાનાં ચિહ્નો અંકિત થતાં હોય છે. વિવેચન, સાહિત્ય–પ્રકારોનાં રૂઢ લક્ષણોને કેટલીયે વાર સાહિત્યકૃતિના માનદણ્ડો તરીકે વાપરે છે, પણ એમાં જડતા આવે છે ત્યારે એવું વિવેચન જુલમ બની જાય છે. કેમ કે સર્જકતા જૂના માનદણ્ડોને કે રૂઢ લક્ષણોને માત્ર વશ થઈને જ સાર્થક થતી નથી, તે નવોન્મેષો પ્રગટાવે છે, સાહિત્ય-પ્રકારની સીમાઓને તોડીને વિસ્તરે છે. એ નવોન્મેષોને વ્યાખ્યાબદ્ધ કરીને જ વિવેચન પાછું બેઠું થઈ શકે. સાહિત્યપ્રકારોને વિશેની વિવેચનની આવી ક્રિયા–પ્રતિક્રિયા, સામાન્ય સૈદ્ધાન્તિકતાઓ પરથી વિશેષોનાં પરીક્ષણ–મૂલ્યાંકન અને વિશેષોનાં નિરીક્ષણો–તારણો પરથી સામાન્ય સૈદ્ધાન્તિકતાઓ જેવી દ્વિવિધ પ્રવૃત્તિનો ઇશારો આપે છે. સાહિત્યિક સિદ્ધાન્તોની પરિપાટી ઊભી કરવામાં સાહિત્યપ્રકારોની આવી નોંધપાત્ર ભૂમિકા રહેલી છે તેથી તેના સંશોધનમાં એ ભૂમિકાનો પણ હિસાબ મળવો જોઈએ.

૧૧. રૂપનિર્મિતિ, પ્રતીક, કલ્પન, ઑબ્જેક્ટિવ કૉરિલેટિવ, ઘટનાનું તિરોધાન, ટ્રેજેડી, કૉમેડી, પ્લૉટ, મિથ, મેલોડ્રામા વગેરે વગેરે સંખ્યાબંધ વિભાવો, ઓજારો વડે વિવેચનાત્મક વિધાનો રજૂ થતાં હોય છે. આ વિભાવોનું સંશોધન થઈ શકે. આ વિભાવો વડે તૈયાર થતી વિવેચનની પરિભાષાનું સંશોધન મૅટાક્રિટીસિઝમની એક નોંધપાત્ર પ્રવૃત્તિ છે. પણ પરિભાષા ઉપરાન્ત તેમાં વિવેચનના તાર્કિક માળખાની, તેના મૂળભૂત સિદ્ધાન્તોની તેમ જ તેમાં રજૂ થતાં પાયાનાં અવયવવાક્યોની, પ્રિમાઈસિસની પણ તપાસ હાથ ધરાય છે. વિવેચનનું સમગ્રદર્શી સંશોધન કરનારે તથા વિવેચનનું વિવેચન કરનારે જરૂર પડયે આ અંગે મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર કે ઇતિહાસ જેવી આવશ્યક શાખાઓની મદદ લઈ આંતરવિદ્યાકીય ભૂમિકાએ આવી બહુવિધ તપાસ હાથ ધરવાની હોય છે. વિવેચનાત્મક વિધાનોનું વર્ણન–ડિસ્ક્રીપ્શન–, અર્થઘટન–ઇન્ટર્પ્રિટેશન–, વિવરણ–એક્સ્પ્લીકેશન અને મૂલ્યાંકન–ઇવેલ્યૂએશન–એવાં ચાર શીર્ષક હેઠળ વર્ગીકરણ કરવાથી અને પ્રત્યેક વર્ગનાં વિધાનોની તપાસ કરવાથી આ સંશોધનમાં પ્રગતિ સાધી શકાય. એ દરમ્યાન કેટલાક મૅટાક્રિટીકલ પ્રૉબ્લેમ્સનો સામનો કરવાનો આવે છે, જે સંશોધનને વત્તે-ઓછે અંશે વ્યાપક ફિલૉસૉફીના પ્રશ્નોમાં લઈ જાય છે. એવા કેટલાક પ્રૉબ્લે-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્સનો અહીં નિર્દેશ કરીશું, જેથી આ પ્રકારના સંશોધનની પ્રકૃતિ પર વિશેષ પ્રકાશ પડશે.

જેમકે કોઈ પણ વિવેચ્ય કૃતિને વિશેનાં, તેના કોઈ સંવિભાગ કે એકમને વિશેનાં બે સ્પષ્ટીકરણો–એક્સ્પ્લીકેશન્સ–ધારો કે બે વિવેચકો વડે રજૂ થયાં છે. તો તેમાંથી કયા સ્પષ્ટીકરણને ખરું ગણવું? કયા વિધિથી દર્શાવી આપવું કે આ સ્પષ્ટીકરણ ખરું છે અને આ નથી? તપાસ દેખીતી રીતે સંશોધકને સ્પષ્ટીકરણ–તર્કમાં, લૉજીક ઓવ એક્સ્પ્લીકેશનમાં લઈ જાય છે.

સાહિત્યમાં, સામાન્ય રીતે સર્જનાત્મક સાહિત્યમાં ભાષાનો જે ઉપયોગ થાય છે તે ફિક્શનલ યુઝ છે, એટલે કે ભાષાના ઇતિહાસલક્ષી ઉપયોગથી જુદો ઉપયોગ છે. આવા ઉપયોગનું અનિવાર્ય અને વ્યાવર્તક તત્ત્વ કયું? ભાષાનાં આવાં ઉપયોગવાળાં વાક્યો જૂઠાં–ફોલ્સ–છે, કે સાચાં–ટ્રુ–? કે પછી આ બંને પ્રકારની અર્થવિષયક કોટિઓની વચ્ચેનાં છે? એનો એવો અપવાદ કરી શકાય? કરી શકાય તો શી રીતે? આ અંગે નિર્ણય કરવો પડે. સંશોધકને તે અર્થ-પ્રકૃતિ-નેચર ઓવ મિનિંગ-માં લઈ જાય છે.

સાહિત્યક્ષેત્રે હમેશાં કૃતિઓને અંગેનાં મૂલ્યાંકનો પરત્વે વિવાદ જાગે છે. એક જ કૃતિને વિશે વિરોધી અને નિતાંતભાવે વિરોધી એવાં મૂલ્યાંકનો પણ રજૂ થતાં હોય છે: એટલે કે એક મૂલ્યાંકન અનુસાર તે કલાકૃતિ ક્યારેક તો ઉત્તમોત્તમ કલાકૃતિ હોય છે. તો બીજા મૂલ્યાંકન અનુસાર તે કલાકૃતિ જ ઠરતી હોતી નથી! તો આવાં બે મૂલ્યાંકનોમાંથી કયા મૂલ્યાંકનને વધુ તર્કસંગત અને સ્વીકાર્ય લેખવું? કયા વસ્તુલક્ષી વિધિથી દર્શાવી અપાય કે વિવાદ મિથ્યા છે અથવા નથી? અહીં મૂલ્યાંકનમાં સૂત્રિત એવા માનદણ્ડોની તપાસ હાથ ધરવી પડે છે. જેમ કે ઉચ્ચ માત્રાની એકતા–હાઈ ડિગ્રી ઓવ યુનિટી–એક એવો માનદણ્ડ છે જે વડે કૃતિને માપી શકાય. એટલે કે એવી એકતા જ્યાં હોય ત્યાં કૃતિ કલાત્મક છે એમ કહી શકાય. આ એકતાનો માનદણ્ડ આમ, અહીં કૃતિની કલાત્મકતાનું કારણ બને છે. આખી ચર્ચા મૂલ્યસ્વરૂપ–નેચર ઑવ વેલ્યૂ–માં લઈ જનારી પેચીદી ચર્ચા બની જાય છે.

કૃતિઓ જે સૃષ્ટિ ખડી કરે છે તે ભોક્તાને ઘણીવાર સ્વીકાર્ય હોય છે, તો ઘણી વાર નથી પણ હોતી. તેનું મૂળ કારણ તેની પોતાની માન્યતાઓ અને શ્રદ્ધાઓ સાથેના મેળમાં કે અમેળમાં પડેલું હોય છે. આ માન્યતાઓ અને શ્રદ્ધાઓ ધર્મવિષયક કે નીતિવિષયક હોય છે ત્યારે કૃતિના સ્વીકાર–અસ્વીકારનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન અંગત હોવા છતાં ઘણો ગંભીર બની જાય છે. સાહિત્યકલામાં સત્ય અને નીતિનો આ પ્રશ્ન આમ તો નોંધપાત્ર છે, પણ સત્ય કે નીતિનો કૃતિના સારાપણા સાથે કે નરસાપણા સાથે તાર્કિક મેળ પાડવાનું મુશ્કેલ હોય છે. સત્ય કે નીતિ પોતે કૃતિને કલાકૃતિ બનાવવાની કઈ ક્ષમતા ધરાવે છે? આમ આ પ્રશ્ન સંશોધકને શ્રદ્ધા-પ્રશ્નમાં, પ્રોબ્લેમ ઑવ બિલીફમાં લઈ જાય છે.

વિવેચનના સંશોધનમાં આટઆટલા પ્રશ્નોનો અંગીકાર કરવાનું અનિવાર્ય હોય, તો ઉપયોગિતાવાદીઓ અને વ્યવહારડાહ્યાઓ એમ કહેશે કે વિવેચનને ન્યાય્ય ઠરાવવાની પ્રવૃત્તિ જ છોડી દો. પણ સંશોધનકારનું એ લક્ષણ નથી. સંશોધન કે વિજ્ઞાન પોતાની ગમે તેટલી કઠિન યાત્રા ચાલુ જ રાખે છે. વિવેચનના સંશોધનનો આ છેલ્લો પ્રકાર એમ સૂચવે છે કે કોઈ પણ શોધ એની અંતિમ ભૂમિકાઓમાં ફિલોસોફીને જઈ ભેટે છે. સાહિત્યનું વિવેચન અને વિવેચનનું સંશોધન એનું ધ્યાનાર્હ નિદર્શન છે. પરિણામે સાહિત્યિક સંશોધનમાં તર્ક, વૈજ્ઞાનિક પદ્ધતિ કે પદ્ધતિવિજ્ઞાનનો યોગ તો રચાયો જ હોય. પણ તેમાં કલામીમાંસા અને મૅટાક્રિટીસિઝમનો યોગ પણ રચાયો જ હોય, રચાવો જોઈએ.

૧૨. ગયા બે ખણ્ડમાં, દસમા અને અગિયારમામાં, આપણે સાહિત્યિક સંશોધનનો ચોક્કસ કોન્ટૂર્સવાળો પણ એક પોલો નકશો આંક્યો છે. જે તે પ્રકારનું સાહિત્યિક સંશોધન પોતાના શીર્ષકબદ્ધ વિષયની સીમામાં અને વિશેષતાઓમાં વિસ્તરશે તે સમજાય તેવું છે. અહીં જે તે પ્રકારનું જે ક્ષેત્ર નક્કી કર્યું છે તે માત્ર રૂપરેખા છે. બાકી દરેક સંશોધનમાં પ્રારમ્ભે જે પહેલી પાયાની બાબત છે તે તો તેનું વિભાવનીકરણ-હાથ પરના પ્રશ્નનાં કયાં કયાં પાસાં ધ્યાનમાં લેવાનાં છે તેની અવધારણા. ત્યાર બાદ તેને અનુસરતી તમામ પદ્ધતિ, પ્રક્રિયા-જે વડે સંશોધન ઓછું પ્રસરિત અને વધારે તો ચોક્કસ, સઘન અને સંકુલ થતું રહેશે, અને એ રીતે વિશદ નિષ્કર્ષો ભણી ગતિશીલ બનશે. આ અંગે થોડા વધુ વિચારો હવે પછી રજૂ કરીશું.

૧૩. સાહિત્યિક સંશોધનનો નકશો આંકીને આપણે નોંધ્યું છે કે એમાં તર્ક, વૈજ્ઞાનિક પદ્ધતિ કે પદ્ધતિવિજ્ઞાન ઉપરાંત કલામીમાંસા અને મૅટાક્રિટીસિઝમનો યોગ પણ રચાયો હોય છે, રચાવો જોઈએ. પણ કલાને ભાષા ધારણ કરે છે તેથી પ્રત્યેક કૃતિ મૂળે શબ્દસંયોજન છે, ભાષાકૃતિ છે. એ દૃષ્ટિએ સંકેતવિજ્ઞાન, સંરચનાવાદ વગેરેનો પણ એવો જ યોગ રચાવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃતિના શબ્દપરક અર્થથી માંડીને ભોક્તાના આસ્વાદ-આનન્દ-જ્ઞાનવિષયક અતિભાવરૂપી સંકુલ અને સમગ્ર અર્થ લગીનો વ્યાપાર નોંધપાત્ર છે. આ બેવડા અર્થોને ભોક્તા પામે છે તે સંક્રમણપ્રક્રિયા વિશે સંકેતવિજ્ઞાને પ્રસ્તુત કરેલા વિચારો ઉપકારક નીવડશે. આ વિચારોનો સાહિત્યિક સંશોધનમાં પ્રકાશક તરીકે વિનિયોગ કરી શકાય. કલાનુભવ અનુભવ હોઈને કેટલીકવાર કેટલેક અવ્યાખ્યેય ભાસે છે, પણ એવાં અનાવૃત્ત નહિ થયેલાં બિંદુઓ સંશોધક માટે તો જોખમી છે. સંશોધકનું કામ અંગત અનુભવની અંગતતાનું અને એમાં પડેલી અવ્યાખ્યેય અનિર્વચનીય ભાસતી રહસ્યમયતાઓનું બિનંગતતામાં અને સ્પષ્ટીકરણોભરી વ્યાખ્યાઓમાં રૂપાન્તર કરવાનું છે. કલાની દિશા ઘણા કહે છે તેમ જો મિસ્ટીફિકેશનની છે, તો વિવેચનની, સંશોધનની કે વિજ્ઞાનની દિશા ડીમિસ્ટીફિકેશનની છે એનું સંશોધકને સદાયે સ્મરણ રહેવું ઘટે.

સાહિત્યિક સંક્રમણને વિશેની પરમ્પરાગત ચર્ચામાં વિચારકોએ અનુભવ અને વાસ્તવિકતાના બે છેડાઓમાં ચર્ચાને આબદ્ધ રાખી છે જેમકે 'સંક્રમણ નહિ તો સાહિત્ય નહિ'-સંપ્રદાયના વિચારકો સંક્રમણ પર ભાર મૂકતા લાગે છે એટલું જ, બાકી એમનું દષ્ટિબિંદુ સર્જકના અનુભવ પર, દર્શન પર ભાર મૂકનારું છે. એ લોકો સંક્રમણને સર્જનનું પ્રયોજન ગણે છે, જ્યારે એમના પ્રતિપક્ષી વિચારકો સંક્રમણને પ્રયોજન નથી લેખતા, પણ પરિણામ લેખે છે. એમની દષ્ટિએ સંક્રમણ સિદ્ધ થાય પણ ખરું, ન પણ થાય. પરંતુ તેથી કરીને કૃતિ સાહિત્યકૃતિ કે કલાકૃતિ મટી જતી નથી. આ વિવાદમાં સંક્રમણ એક પ્રક્રિયા છે અને કૃતિ તેને ધારે છે એ મહત્ત્વની વીગતને વિશે પૂરતું ધ્યાન અપાયું નથી. આ પ્રક્રિયા દૂષિત અને ખામીયુક્ત હોઈ શકે. એટલે કે કૃતિમાં પ્રવર્તતા ભાષાકીય વ્યાપારો-લિંગ્વીસ્ટીક ઑપરેશન્સ-સંક્રમણ માટે મૂળભૂત રીતે જવાબદાર છે, તે ભ્રાન્ત-સંક્રમણ-મિસકમ્યુનિકેશન-જન્માવનારા પણ નીવડી આવે. બાકી સર્જકના અભિવ્યક્તિલક્ષી અનુભવ વિશે કે ભોક્તાના સંક્રમણ થયું-પ્રકારના અનુભવ વિશે ત્રીજી વ્યક્તિને કશો બૌદ્ધિક ખુલાસો મળતો નથી. એ બેયની એ વાસ્તવિકતાઓ ચિત્તપરક હોઈને બહુશઃ અગ્રાહ્ય રહે છે. બહુ બહુ તો એમ કહેવાય કે એ બેયના અનુભવો કદી નહિ ખૂટનારા પૃથક્કરણનો વિષય બની રહે છે, પણ એવું પૃથક્કરણ તર્કને વિશેની ભિન્નમાર્ગી વિભાવનાઓ ચીંધનારી એક મડાગાંઠ બની જાય છે, ત્યાં એક અનવસ્થા પ્રસંગ આવીને ઊભો રહે છે. ફિલોસૉફીમાં જેને ચિત્તવાદીઓ-મૅન્ટાલિસ્ટ-કહેવાય છે તેઓ એવાં પૃથક્કરણોમાં અવશ્ય ઊતરી શકે. પણ ફિલોસૉફીમાં જેને તર્કવાદીઓ-રૅશનાલિસ્ટ-કહેવાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ–એટલે કે સંશોધકો એવાં પૃથક્કરણોમાં ઊતરવાનું મુલતવી રાખશે. એઓ તો કૃતિ–પદાર્થ, કે જે એક સંશ્લેષણ છે, તેનું શક્યતમ વિશ્લેષણ કરનારા છે. એવાં વિશ્લેષણો પછી સંશોધકો પણ ચિત્તવાદીઓનો માર્ગ અપનાવીને પ્રગતિ કરી શકે.

કૃતિની ભાષા–સંરચનાપરક સ્વાયત્તતાનો સ્વીકાર થવો જોઈએ. એ ભૂમિકાએ કૃતિ એક પદ્ધતિ છે, સિસ્ટીમ છે. એ પદ્ધતિ છે તેથી તેમાં સંરચનાપરક ત્રણ વાનાં છે : તેમાં અખિલાઈ–હોલનેસ–છે; તેમાં રૂપાન્તર ગુણો–ટ્રાન્સફર્મેશન્સ–છે, તેમાં એક પ્રકારનું સ્વનિયંત્રણ–સેલ્ફ રેગ્યુલેશન–છે. સંકેતવિજ્ઞાનીઓ આ ગૃહીતને આધારે કોઈ પણ ભાષાકૃતિને એક સંકુલ સંકેત લેખે છે, અને જો તે સાહિત્ય-કૃતિ હોય તો તેને પણ એક સંકેત લેખે છે. એ દષ્ટિએ સાહિત્યિક સંક્રમણ-પદ્ધતિનો–લિટરરી કમ્યુનિકેટિવ સિસ્ટીમનો–વિચાર થઈ શકે.

બિન-ભાષાકીય સંક્રમણથી તેમ જ ભાષાકીય સંક્રમણથી સાહિત્યિક સંક્રમણ જુદું પડે છે. બિન-ભાષાકીય સંકેતો–ચિત્ર, રંગ, ચેષ્ટાઓ, વસ્ત્રપરિધાન, કેશ-સંમાર્જન વગેરે સંકેતો પણ ભાષાની જેમ જ વર્તે છે. તેથી તેમની પણ 'ભાષાઓ' તો છે, પણ એ સંકેતો બિન-ભાષાકીય છે. જ્યારે સામાન્ય સ્વરૂપના ભાષાકીય સંક્રમણમાં સંકેતો વડે વિશ્વ સાથે સમ્બન્ધો સ્થપાય છે, કહો કે વિશ્વ ભાષાકીય સંકેતોમાં રૂપાન્તરિત થયું હોય છે. પરંતુ સાહિત્યિક સંક્રમણમાં એ જ ભાષાકીય સંકેતો બહિર્ વિશ્વના નિર્દેશો આપનારા હોવા છતાં બહુ અંશે સ્વ-નિર્દેશક રહે છે. એટલે કે સાહિત્યિક સંક્રમણમાં સંકેતો વડે સંકેતો સાથે સમ્બન્ધો સ્થપાય છે, અને સાહિત્યિકતાનું–લિટરરીનેસનું–એક આગવું વાતાવરણ ઊભું થાય છે. બહિર્ વાસ્તવના માનદણ્ડોથી માટે જ કૃતિના આ આગવા સ્વનિર્દેશક વિશ્વને પ્રમાણવાનો પ્રયાસ મિથ્યા નીવડે છે.

સાહિત્યિક સંક્રમણમાં સંકેતોની આવી લાક્ષણિકતા હોવાને કારણે તેની સંકેત-વ્યવસ્થા પણ જુદી રીતે અસ્તિત્વમાં આવી હોય છે. સામાન્ય ભાષાકીય સંક્રમણમાં સંકેતવ્યવસ્થા પ્રાથમિક સ્વરૂપની હોય છે, એટલે કે સંજ્ઞાઓ–સાઈન્સ–ત્યાં સંકેતકો –સિગ્નીફાયર્સ–અને સંકેતિતો–સિગ્નીફાઈડ્ઝ–ના યોગનું પરિણામ હોય છે. જ્યારે સાહિત્યિક સંક્રમણમાં સંકેતવ્યવસ્થા દ્વૈતીયિક સ્વરૂપની હોય છે. પ્રાથમિક વ્યવસ્થા વડે જે સંજ્ઞાઓ પ્રાપ્ત થાય છે તે અહીં વળી નવેસરથી સંકેતકો બની જાય છે અને એવા સંકેતકો, સંકેતિતો સાથે યોગ પામતાં વળી સંજ્ઞાઓ મળે છે ને એમ સાહિત્યિક અર્થસૂચન વિસ્તરે છે. કેટલીક વાર તો સાહિત્યિક સંક્રમણની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંકેતવ્યવસ્થા દ્વૈતીયિકથી પણ આગળ વધી હોય છે. આમ બેવડાતી-ત્રેવડાતી સાહિત્યભાષા સ્વનિર્દેશક અને સ્વાયત્ત હોય છે, પોતેજ પોતાનો વિષય બની રહે છે. આમ થતાં જન્મતા 'સાહિત્યિકતા'ના વાતાવરણમાં સંજ્ઞાઓની દશ્યગોચરતા–પાલ્પેબીલિટી–આ સંક્રમણમાં નિર્ણાયક બનતી હોય છે. એટલું જ નહિ એ સંજ્ઞાઓ અને તેમની વચ્ચેની સમ્બન્ધભૂમિકાઓ ભાષાકીય વ્યાપારોના આકલનમાં મહત્ત્વનો ભાગ ભજવનારી નોંધપાત્ર બાબતો છે.

જે કોઈ ભોક્તાને જ્યારે સાહિત્યકૃતિનું સંક્રમણ થયું એમ કહેવાય છે ત્યારે, તેણે પ્રાથમિક અને દ્વૈતીયિક સંકેતવ્યવસ્થાઓને કૃતિમાંથી ઉકેલી લીધી હોય છે. એટલે કે બંને વચ્ચેના ભેદને તેણે બરાબર ઓળખ્યો હોય છે. આ ભેદ પ્રાથમિક અને દ્વૈતીયિક બન્ને પ્રકારનાં અર્થસૂચનો વડે કૃતિ સમગ્રનું સંક્રમણ શક્ય બનાવનારો ભેદ બને છે. વળી આ ભેદ કૃતિવિશેષનું સ્વરૂપ પણ નક્કી કરી આપે છે. ટૂંકમાં, સિદ્ધ સંક્રમણમાં ભોક્તાને ભાષાકીય તત્ત્વો અને એકમોની લગભગ બધી જ સમ્બન્ધભૂમિકાઓનું જ્ઞાન થયું હોય છે. એનો કલાનુભવ આવા જ્ઞાનથી પ્રારમ્ભાતો હોય છે અને એવું જ્ઞાન ક્રમશઃ ઉપચય પામીને કૃતિ નામની એક અખિલ સંજ્ઞાનું જ્ઞાન બની રહે છે.

સાહિત્યિક સંશોધનમાં સંક્રમણપ્રક્રિયાને આવી ભૂમિકાએ જોવાથી સંશોધન-કારનો વૈજ્ઞાનિક અભિગમ વધુ ને વધુ ભાવે પરિણામલક્ષી બની શકે છે. સવિશેષ તો આ ચર્ચા અર્થના સ્વરૂપ પર પ્રકાશ પાડે છે. કૃતિનો અર્થ કોઈ પૂર્વનિર્ણિત અને તૈયાર પૅકેટ નથી કે કર્તા પોતાની પાસેથી ભોક્તાના હાથમાં પકડાવી દઈ શકે. ભાષાની પોતાની પ્રકૃતિ જ તેમ કરવાની ના પાડે છે, કેમકે તેમાં ક્રમિક વિકાસ તો છે જ, બલકે કોઈ એક ભાષાકીય એકમનું બીજા એકમો પર વર્ચસ્ હોય છે, અને તે વર્ચસ્ ક્રમશઃ બદલાયા કરે છે. પરિણામે કૃતિમાં અર્થનો ક્રમશઃ ઉપચય થતો આવે છે. તેથી સાહિત્યિક સંક્રમણની અનુભવલક્ષી વિચારણા નહિ, પણ આવી પ્રક્રિયાલક્ષી વિચારણા વસ્તુલક્ષી અને પૃથક્કરણશીલ સંશોધકને વધુ માફક આવે તે સમજાય તેવું છે.

૧૪. કરાટે અને મુષ્ટિયુદ્ધ–પ્યુજિલિઝમ–જેવી વિદ્યાઓમાં સફળતાનું રહસ્ય વ્યક્તિની શારીરિક તાકાતમાં કે કુદરતી ક્ષમતામાં જ નથી, બલકે તેના નૈપુણ્યમાં છે. આ નૈપુણ્ય વિજ્ઞાન છે. કલાકૃતિને ભોગવવાની કુદરતી ક્ષમતા કે સમૃદ્ધ કલાનુભવ પામવાની સહજ ક્ષમતા સંશોધક પાસે હોય તો લાભ તો છે જ, પણ એ અનુભવને સુવ્યવસ્થિત વસ્તુલક્ષિતામાં ઢાળવા માટે તો માત્ર નૈપુણ્યની જ આવશ્યકતા રહે છે. સંશોધન તેના નૈપુણ્યનું પરિણામ છે. એવું નૈપુણ્ય સંશોધનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટૅકનિકને હસ્તગત કરવાથી પ્રાપ્ત થાય છે. જેવી રીતે સાહિત્યના કે કલાના કોઈ તૈયાર સિદ્ધાન્તો નથી તેવી રીતે સાહિત્યિક સંશોધનની કોઈ તૈયાર પદ્ધતિ નથી. પદ્ધતિવિજ્ઞાન–મૅથડોલોજી–પણ પદ્ધતિ વિશેનું એક વ્યાપક માળખું જ પૂરું પાડી શકે. બાકી સંશોધનની ટૅકનિક જે તે સંશોધનમાં સંશોધકની સજ્જતાને કારણે આપોઆપ ઉત્ક્રાન્ત થતી આવતી હોય છે. તેમ છતાં કેટલીક રીતે વ્યવહારુ અને કેટલીક પદ્ધતિપરક રૂપરેખા વડે વિષયને ન્યાય આપીશું.

**૧૫.** પ્રત્યેક સંશોધનને પોતાનો હેતુ હોય છે. એ કશાકનું સંશોધન છે એનો અર્થ જ એ કે કોઈ પ્રશ્નના ઉકેલની દિશામાં તે વિસ્તરે છે, પણ એની રીતિ વૈજ્ઞાનિક હોઈને તે અંતિમ ઉકેલ તો નહિ આપી શકે એ હકીકત છે. એ હકીકતનો અર્થ એ છે, કે પ્રશ્નનું સ્વરૂપ સંશોધનના પરિણામલેખે અત્યન્ત વિશદ થઈ આવ્યું હશે. આમ, સંશોધક સૌ પ્રથમ હાથ પર લીધેલા પ્રશ્નની સ્થાપના કરશે. પોતે શું કરવા માગે છે, શેનું સંશોધન કરવા માગે છે વગેરે વગેરે સવાલોના જાતે જવાબો મેળવીને આખાય પ્રશ્નનું વિભાવનીકરણ પ્રસ્તુત કરશે. બીજું, વિભાવનીકરણ પાછળના ખયાલોનું બીજાઓને બરાબરનું સંક્રમણ થાય તે માટે તે વ્યાખ્યાપ્રક્રિયામાં પરોવાશે. અહીં જે વિભાવનાઓ એકથી વધારે મૂલ્યો ધરાવતી હશે તેનું એટલે કે તેવા ચલોનું–વેરીએબલ્સનું–પણ સંક્રમણ થાય તે માટે પણ વ્યાખ્યાઓ કરાશે. ત્રીજું, સમજૂતી-પ્રક્રિયા વડે વિભાવનાઓને તથા ચલોને તપાસક્ષમ–ઑબ્ઝર્વેબલ–બનાવાશે, એટલે કે વ્યાખ્યાઓને તપાસી જોવી, ચકાસી જોવી અને પાછા વ્યાખ્યાઓ પર આવી જવું. ચોથા તબક્કામાં સંશોધક વિભાવનાઓની કોટિઓ વર્ણવશે, પોતાનાં સંશુદ્ધ નિરીક્ષણોનો તાળો મેળવી જોશે. આ ચારેય તબક્કાઓનું અલગ ભાવે વિગતે વર્ણન આપીશું.

પણ તે પૂર્વે વ્યવહારુ રૂપરેખાને આવશ્યક એવી કેટલીક વીગતો જોઈએ. સંશોધનો મુખ્યત્વે બે વર્ગોમાં વહેંચાઈ જતાં હોય છે. પહેલા વર્ગનાં સંશોધનોને અનુસન્ધાનાત્મક – ઍક્સ્પ્લોરેટરી – કહેવાય છે. અહીં મુખ્યત્વે વિચારો અને સમજોનું સંશોધન થાય તેવું ધ્યેય હોય છે, કોઈ એક પ્રશ્ન કે આવિર્ભાવ – ફિનોમિનન – ને પ્રગાઢપણે સમજી શકાય, તેને વિશે નૂતન સમજો જન્મે, એવી સમજોને આધારે વધારે મોટા પ્રશ્નો પર આવી શકાય અને વધારે મોટી સંશોધનપરક પ્રતિજ્ઞાઓ રચી શકાય. માટે આ વર્ગનાં સંશોધનોની ભાત–રિસર્ચ ડિઝાઈન – ઘણી લવચીક હોય છે, તેમને ઇરાદાપૂર્વક નમનીય રાખવામાં આવે છે, જેથી કરીને આવિર્ભાવનાં બીજાં પાસાંઓને પણ યથાસમયે પ્રવેશ મળે, તેનો પણ સમાસ કરી શકાય. બીજા વર્ગનાં સંશોધનોને વર્ણનાત્મક – ડિસ્ક્રીપ્ટીવ – કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં કોઈ એક પરિસ્થિતિનું સ્વરૂપવિષયક સંશોધન થતું હોય છે. તેનાં લક્ષણો બાંધવાં, લક્ષણો વચ્ચેના સમ્બન્ધો ઉકેલવા વગેરે મુખ્ય ધ્યેયથી વૈજ્ઞાનિક વર્ણનો થતાં હોય છે. માટે આ વર્ગનાં સંશોધનોની ભાત બરાબરની ચુસ્ત હોય છે, તેમાં પૂર્વગ્રહોને ઓછા કરનારી અને શ્રદ્ધેયતાનાં તત્ત્વોને વધારનારી યોજના અપનાવાઈ હોય છે. પરિણામે વર્ણનો એકદમ ચોક્કસ બની આવે છે. મોટા ભાગનાં સંશોધનોમાં આ ભેદ જળવાતો હોતો નથી, ને તેથી તેમને સમ્પૂર્ણપણે વ્યાવર્તક ગણવાં ન જોઈએ. પરન્તુ આ બેય વર્ગોનું જ્ઞાન સંશોધકને સંશોધનની ભાત નક્કી કરવામાં મદદરૂપ નીવડે છે. સંશોધક હેતુ-સંદર્ભે જે તે ભાત મુખ્યત્વે નક્કી કરી શકે.

સંશોધનમાં હેતુ અને સ્વરૂપ નક્કી થતાં સામગ્રી-ચયન અને સામગ્રી-પૃથક્કરણની પદ્ધતિઓ સહજ રીતે નક્કી થઈ આવે છે. સંશોધકે સામગ્રીનાં ચયન-પૃથક્કરણ કેવી કેવી પદ્ધતિએ કર્યાં છે તેનું બયાન આપવું જરૂરી છે. ત્યારબાદ પૃથક્કરણ પામેલી સામગ્રીનાં વર્ગીકરણ કરવાં, વ્યાખ્યાઓ બાંધવી, સમજૂતીઓ આપવી અને અર્થઘટનો કરી નિષ્કર્ષો તારવવા-જેવાં અનેક સોપાનોનો નિર્દેશ કરી શકાય. એમાં જરૂર પડયે આંકડાશાસ્ત્ર અને કમ્પ્યુટરવિજ્ઞાનનો સૈદ્ધાન્તિક તેમજ પ્રત્યક્ષ વિનિયોગ પણ કરી શકાય. તમામ સંશોધનો ભાષામાં વ્યક્ત થાય છે. અને તેથી સંશોધન-વાચના રિસર્ચ-ટેક્સ્ટ-પણ સુગઠિત હોવી ઘટે. તેમાં ખણ્ડો, વિભાજનો, પ્રકરણો - શીર્ષકો, પેટાશીર્ષકો જેવી યોજના તો હોય જ, પણ દરેક પ્રકરણમાં આમુખ આપી દરેક પ્રકરણને તેના હેતુઓથી સુબદ્ધ કરવું, તેમાં પ્રયોજાયેલા પારિભાષિક શબ્દોની વ્યાખ્યાઓ આપવી, વળી પ્રત્યેક પ્રકરણના જે તે સ્વરૂપના, ભલે કામચલાઉ, નિષ્કર્ષો એકસાથે દર્શાવી આપતી સમરી આપવી, વગેરે આવશ્યકતાઓ છે. વાચનાને છેડે પરિશિષ્ટો હેતુપૂર્વક આપવાં ને છેલ્લે સૂચિ આપવી તથા વાચનાને પ્રારમ્ભે સમૃદ્ધ અને વ્યાપક આમુખ - ઇન્ટ્રોડક્શન-આપવો વગેરે પણ આવશ્યકતાઓ છે. સંક્ષેપ-સિનોપ્સિસ અને લઘુપુસ્તિકા - મોનોગ્રાફ - જેવાં સુરેખ લખાણો કરીને સંશોધન-વાચના વિશે સંશોધક ચોક્કસ પૂર્વતૈયારી કરી શકે.

આ બધું છતાં, સંશોધનના દરેક તબક્કે સંશોધકની વૈજ્ઞાનિક સ્વરૂપની સર્જકતાને યથાસ્થાને યથોચિત માત્રામાં હમેશાં અવકાશ રહે જ છે, તે સમજાય તેવું છે.

૧૬. ઉક્ત વ્યવહારુ રૂપરેખા વડે રચાઈ આવતા સંશોધનના માળખામાં અનિવાર્યપણે સંશોધનની ઘટના ઘટવી જોઈએ, નહિ તો ગમે તેટલું રૂપાળું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માળખું પણ વ્યર્થ પુરવાર થાય. એવી ઘટનાને માટે અનિવાર્યપણે વિભાવનીકરણ વગેરે ચારેય પદ્ધતિપરક વાનાં સમુચિત ઢબે પ્રકાશી ઊઠવાં જોઈએ. સંશોધન-હેતુ, સંશોધન-ભાત વગેરે વગેરે સંકલ્પોની ભૂમિકાએ રચાયેલા માળખામાં આ ચારેય વાનાં વડે પ્રાણુ ફુંકાય છે અને રીતસરની સંશોધન-પ્રક્રિયાના વ્યાપારો શરૂ થાય છે. આપણે પ્રત્યેકના સ્વરૂપ અને કાર્યનો અલગપણે વિચાર કરીએ :

૧.૭. વિભાવનીકરણ – કન્સેપ્ચ્યુઆલિઝેશન – હાથ પરના પ્રશ્નનાં કયાં કયાં પાસાં ધ્યાનમાં લેવાનાં છે તેની અવધારણા છે, પણ અહીં પાસાં અને અવધારણાના વૈજ્ઞાનિક અર્થો થાય છે. સંશોધક વાતાવરણમાંથી અમુક એક આવિર્ભાવને ઉપાડી ધારણ કરે છે, વિભાવનીકરણ વડે સંશોધકનાં અવલોકનો એક તરફથી સુગઠિત થાય છે અને બીજી તરફથી જુદાં પડી આવે છે. આ નરી શરૂઆત છે, પણ તેનો ઘણો મહિમા છે. કેમ કે વિભાવનીકરણ સંશોધનનો પ્રારમ્ભ તો છે જ, પણ તેનું પરિણામ પણ છે.

વિજ્ઞાનીઓ વિશ્વને વિશે અતિસંવેદનપટુ જીવો છે. તેમનું એવું પાટવ એ હકીકતમાં છતું થાય છે કે વિશ્વને સમજવા-સમજાવવામાં તેઓ વિભાનાઓનો, ટૅકનિકોનો, સિદ્ધાન્તોનો અને માન્યતાઓનો ભારે ઉપયોગ કરે છે. અન્ય લોકો વિશ્વ સાથે આ પ્રમાણે વ્યવહાર કરતા નથી હોતા, અથવા આવી સભાનતાથી વ્યવહાર નથી કરતા હોતા. વિજ્ઞાન અને સંશોધનની આત્યન્તિક ભાવે પાયાની એવી પ્રક્રિયા તે અમૂર્ત વિભાવનીકરણની છે. પોતાની અનુભૂતિઓ અને પોતાનાં અવલોકનો-નિરીક્ષણોનો અર્થ કરવાની, તેમાંથી સમજ ઊભી કરવાની આ નોંધપાત્ર પ્રક્રિયા છે. અવલોકનો-નિરીક્ષણોનું તેમજ અનુભૂતિઓનું અર્થપૂર્ણ અને સુસંગત એકમોમાં વિભાવન કરવું એ સામાન્ય સંજોગોમાં તો સહજ છે. ભાષાના બધા જ શબ્દો એ રીતે વિભાવનાઓ છે. પણ એક સંશોધન માટે પસંદગી પામેલો આવિર્ભાવ અર્થપૂર્ણ અને સુસંગત એકમને રૂપે, સુગઠિતપણે વિભાવના બને એ એટલું સહજ અને સરળ નથી.

જેમકે 'બસ-સ્ટૉપ પાસે ભયંકર અકસ્માત' જેવું એક આખી જીવલેણ ઘટનાનું આકલન કરનારા એ શબ્દો વિભાવનીકરણ-પ્રક્રિયાનું પરિણામ છે, એટલે કે વિભાવના છે. પણ એવી વિભાવના બસ સ્ટૉપ પાસે થયેલો અકસ્માત કોની કોની વચ્ચે, ક્યારે, કેવા સંજોગોમાં, કેવી રીતે ભયંકર અને કેવી રીતે જીવલેણ નીવડ્યો તે અકસ્માત–આવિર્ભાવની ક્રિયાપ્રતિક્રિયાત્મક અસરો જન્માવનારી વિગતોને અપાયેલું એક અર્થપૂર્ણ શીર્ષક છે. પણ આવિર્ભાવ અત્યંત સંકુલ હોય, અમૂર્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોટિનો હોય ત્યારે વિભાવનીકરણની પ્રક્રિયા વધારે પદ્ધતિપૂર્વક આગળ ધપતી હોય છે. અને સંશોધન હેઠળના આવિર્ભાવો એવી જ કક્ષાના હોય છે. વળી, 'બસ-સ્ટોપ પાસે ભયંકર અકસ્માત' એ વિભાવના બીજા અનેક ખયાલોનું, અવલોકનોનું પરિણામ છે. એટલે કે કોઈ પણ વિભાનનાને વર્ણવવા માટે વપરાયેલા શબ્દો પણ વિભાવનાઓ છે. સંશોધનમાં આમ વિભાવનીકરણની કક્ષા ઘણી ઊંચી હોય છે.

વિભાવનીકરણમાં આપણે નોંધ્યું કે અવલોકનો-નિરીક્ષણો અર્થપૂર્ણ એકમોમાં સુગઠિત થાય છે, તો સાથોસાથ આવિર્ભાવને વિભાવનાઓ છૂટા પણ પાડે છે. અકસ્માતની વિભાવના અકસ્માતના જેવી જ અને તેના જેવી નહિ, એવી બંને પ્રકારની ઘટનાઓથી તેને છૂટા પાડી આપે છે. કોઈ પણ વિભાવના વડે આ બેવડી ક્રિયાઓ કેટલે અંશે થઈ શકે તેનો આધાર બે બાબતો પર છે : એક તો સંશોધન માટેના આવિર્ભાવનું સ્વરૂપ; અને બીજું તેના સંશોધનનો હેતુ. દાખલા તરીકે, સકરજન અને નારંગીની બે વિભાવનાઓ લો. અમુક બાબતોમાં તેમની વચ્ચે સામ્ય નથી જ. જેમકે સફરજનમાંથી આપણને વિટામિન 'સી' નથી મળતું, જ્યારે નારંગીમાંથી આપણને સફરજનનો રસ નથી મળતો. છતાં બીજી બાબતોમાં આપણે તેમની વચ્ચે સામ્ય જોવાની ઇચ્છા રાખીએ છીએ, જેમ કે એ બંને ફળ છે. આ રીતે વિભાવનાઓને આપણે જોડી શકીએ છીએ, કે જુદી પાડી શકીએ છીએ. તેથી જ આપણું વાતાવરણ આપણને વધુ ને વધુ ગમ્ય બને છે.

સંશોધનમાં વસ્તુલક્ષિતાનો ઘણો મહિમા છે, પણ તેથી કરીને કંઈ સંશોધકો 'તથ્યો ભેગાં કરવા' નીકળી પડતા નથી ! સામગ્રીચયન – ડેટા કલેકશન-વિભાવનીકરણપ્રક્રિયા અને પ્રત્યક્ષ અવલોકન-નિરીક્ષણની પ્રક્રિયા વચ્ચેની એક સંકુલ આંતરલીલાનું એક પરિણામ છે. સામગ્રીચયનની પ્રક્રિયામાં ચિત્ત કેવી રીતે વ્યાપારશીલ બને છે તેને સમજાવતાં બે દૃષ્ટિબિન્દુઓ સંશોધકોમાં ખૂબ જાણીતાં છે. પહેલું દૃષ્ટિબિન્દુ સર્જનાત્મક-'ક્રિએટીવ વ્યૂ' તરીકે જાણીતું છે. 'ડિસ્કવરી વ્યૂ'માં શ્રદ્ધા રાખનારા એમ કહે છે, કે મનુષ્યચિત્તને તેની ભાષા અને સંસ્કૃતિની મર્યાદાઓ છે, અને એ મર્યાદાઓમાં જ તેઓ નિરીક્ષણ-અવલોકનની ક્ષમતા ધરાવતા હોય છે. જ્યારે 'ક્રિએટીવ વ્યૂ'માં શ્રદ્ધા રાખનારાઓ એમ કહે છે કે મનુષ્યચિત્તને તેની ભાષા કે સંસ્કૃતિની કોઈ મર્યાદાઓ નડતી નથી, બલકે તે તો સામગ્રીને નવી નવી રીતે રજૂ કરવાની, અવલોકવાની અને વર્ગીકૃત કરવાની સર્જનાત્મકતા ધરાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એને કારણે તો નવી નવી શોધો સમાજમાં ફેલાતી રહે છે. આપણી સભ્યતામાં વસતો મનુષ્ય બરફની બેત્રણ જાતોને ઓળખી શકે છે, જ્યારે એસ્કીમો-સભ્યતામાં વસતો મનુષ્ય બરફની અગિયાર જાતોને ઓળખી શકે છે. તેનું કારણ આપણી પાસે બે-ત્રણ અને તેમની પાસે અગિયાર શબ્દો એટલે કે વિભાવનાઓ છે એ સાચું—પણ એનો અર્થ એ નથી કે આપણે સંજોગો સરજાતાં અગિયાર જાતોને ઓળખવાની ક્ષમતા જ ધરાવતા નથી ! આમ, સભ્યતા ગમે તેટલી શક્તિશાળી મર્યાદાઓ લાદે, પણ નવા સંજોગો, નવી સભ્યતા, ને નવી વિભાવનાઓ આવી મર્યાદાઓને નહિવત્ બનાવી દે છે.

વિજ્ઞાની કે સંશોધક વડે વાસ્તવિકતા સરજાઈ એવું અહીં ભાસે, તો તે સ્વાભાવિક છે. પણ બીજાઓ એમ કહેશે, કે વાસ્તવિકતા તો હતી જ અને પછી માત્ર શોધાઈ જ છે. હકીકતમાં આ બંને વિધાનો સાચાં છે અને સંશોધનમાં બેયનાં ઇંગિત મળી આવે તેવી તેમની વચ્ચે ક્રિયાપ્રતિક્રિયા જોવા મળે છે. વિભાવનીકરણથી શરૂ થયેલી સંશોધનપ્રક્રિયા કેટલીક સશક્ત વિભાવનાઓને જન્માવીને વિરમે છે એ જ દર્શાવી આપે છે કે આ ગતિ વર્તુળાકાર છે.

૧૮. વ્યાખ્યા-પ્રક્રિયા–ડિફાઇનિંગ–પ્રોસેસ – વિભાવનીકરણ પછીનો મહત્ત્વનો તબક્કો છે. વિભાવના આવિર્ભાવના કેટલા ભાગોને આવરી લે છે અને કેટલાને બહાર રાખે છે તે નક્કી કરવું ઘણી વાર મુશ્કેલ હોય છે. આ મુશ્કેલીનું વ્યાખ્યા-પ્રક્રિયા વડે નિવારણ કરવામાં આવે છે. રોજિંદી ભૂમિકાએ વિભાવનાઓનું સાચું સંક્રમણ ઘણીયે વાર થતું નથી, કેમ કે એ વિભાવનાઓની વ્યાખ્યાઓ ચોક્કસ હોતી નથી, અરે, એકદમ શિથિલ હોય છે. સાહિત્યવિવેચનમાં કે સંશોધનમાં જે પારિભાષિક વિભાવનાઓ પ્રયોજાય છે તે પણ ઘણીયે વાર શિથિલ હોય છે. લાલ રંગની કોટિમાં કેટલી મળતી આવતી રંગછટાઓને આવરી લેવાઈ છે તેનું સંક્રમણ થયું હોતું નથી, અથવા તો ભ્રાન્ત–સંક્રમણ થયું હોય છે તેથી અનેક ગોટાળા સરજાય છે એ આપણો રોજિંદો અનુભવ છે. આનું ખરું કારણ એ છે કે લાલ રંગની કોટિમાં કઈ કઈ છાયાઓ આવી શકે તેનો નિર્ણય આપનારો કોઈ 'સ્પષ્ટ માનદણ્ડ' આપણી પાસે હોતો નથી. તેથી લાલ રંગની વિભાવના શિથિલ બની રહે છે.

વિજ્ઞાનીઓ કે સંશોધકોને આવી શિથિલ વ્યાખ્યાઓ ન પાલવે. વિભાવનાઓમાં શું આવરી લેવાયું છે અને શું તેમાંથી બાદ રખાયું છે તેની પૂરી જાણ બીજાને થાય નહિ ત્યાં સુધી પોતાની વ્યાખ્યાઓને તેઓ ચોક્કસ બનાવશે. તેઓ હમેશાં ચુસ્ત વ્યાખ્યાઓના હિમાયતી છે. સંશોધનમાં આ વાતનું જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહત્ત્વ છે તે સહેજેય સમજાય તેવું છે. અલબત્ત, ચુસ્ત વ્યાખ્યાઓના આદર્શનું પાલન કરવું તે વિજ્ઞાની માટે પણ કપરું કામ છે, છતાં તે તેને વળગી રહે છે.

સંશોધકો વૈયક્તિક સ્વરૂપની કે અનન્ય સ્વરૂપની હસ્તીઓમાં કે એવા પ્રસંગોમાં ઝાઝો રસ નથી ધરાવતા, તેઓને વૈયક્તિક આવિર્ભાવોમાં ઝાઝો રસ નથી. તેઓ તો આવિર્ભાવના જુદા જુદા વર્ગો વચ્ચેના સામાન્ય-જનરલ-નિયમો શોધવામાં સક્રિય થયા હોય છે. વ્યાખ્યાપ્રક્રિયાનું એ મહત્ત્વનું પાસું છે. એટલે સંશોધનમાં બધો ભાર જુદી જુદી હસ્તીઓ-એન્ટીટીઝ-કે આવિર્ભાવો વચ્ચેની સમ્બન્ધભૂમિકાઓ પર આવે છે, રિલેશનશિપ્સ પર આવે છે. કોઈ પૂછે છે કે શાનું સંશોધન કરો છો? તો સંશોધક માર્મિક ઉત્તર આપશે, કે સમ્બન્ધભૂમિકાઓનું અને સમ્બન્ધોનું. માર્મિક એટલા માટે કે અનેક નિયમોનાં શોધ-સંશોધન વડે તેઓ જ્ઞાનમાં વધારો માગે છે એ મર્મને પોતે વીસરી ગયા નથી.

વિધિપૂર્વકની વ્યાખ્યાને માટેનો નિર્ણાયક માનદણ્ડ સંશોધકે શી રીતે ઊભો કરવો? આ પ્રશ્નના ઉત્તરમાં કહી શકાય, કે તેણે વિભાવનાનાં વિવિધ પાસાંને સ્પષ્ટ કરવાં. સંશોધક આમ કરીને ચુસ્ત વ્યાખ્યાની દિશામાં ગતિ કરી શકે છે. ધારો કે રમતમાં વપરાતા દડાની વિભાવનાનો પ્રસંગ છે: તો દડાની વિભાવનાનો આકાર-શેપ-વર્ણવવો, તેનું કાર્ય-ફન્કશન-વર્ણવવું અને તેનું બંધારણ-કમ્પોઝિશન-વર્ણવવું. દડો ફેંકીને રમવાનું સાધન છે અને ગોળ હોય છે એવી સામાન્ય વીગત એ વિભાવનામાં હોય, તો સંભવ છે કે એના સંક્રમણમાં મુશ્કેલી જન્મશે, કેમ કે રમવાના દડા ઘણી વાર ગોળ નથી હોતા, છેડેથી થોડાક લંબાવેલા પણ હોય છે. વળી બધી જ ગોળ ચીજો રમવાનું સાધન નથી હોતી, રમતમાં ફેંકવાનાં બધાં જ સાધનને દડા નથી કહેવાતા, વગેરે. એટલે 'આકાર' માટે એમ કહેવું ઉચિત લેખાશે: કે વસ્તુનો થોડો ભાગ દડો બનવા માટે ગોળાકાર હોવો જોઈએ. 'કાર્ય'ના બીજા પાસા માટે આમ કહેવાવું જોઈએ: કે દડાનું મુખ્ય કામ મનોવિનોદપરક હોય છે અથવા રમતસમ્બન્ધિત હોય છે. દડાની વિભાવનાનું ત્રીજું પાસું તેનું બંધારણ છે. તેને વિશે આમ કહેવાવું જોઈએ: કે દડો બનવા માટે વસ્તુ કાં તો લાકડાની, ચામડાની, પ્લાસ્ટિકની કે રબરની બનેલી હોવી ઘટે.

કોઈ પણ વ્યાખ્યા પૂર્ણ છે એ જાણવાની કસોટી શી? વ્યાખ્યાની પૂર્ણતાની કસોટીને માટે જુદી જુદી વિગતોનું વર્ગીકરણ કરવું પડશે. એવા વર્ગીકરણમાંથી દડો હોવા કે ન હોવા વિશે કોઈ મૂંઝવણ ઊભી થશે તો દડાની એ વ્યાખ્યાને પૂર્ણ કહેવાશે નહિ. વ્યાખ્યા વડે આવરી લેવાતો કે ન આવરી લેવાતો

For Private And Personal Use Only

આવિર્ભાવ વર્ગીકૃત થતાં જો કશો પણ વિવાદ જન્મે નહિ તો તે વ્યાખ્યાને પૂર્ણ લેખવી.

સંશોધનપ્રક્રિયામાં વિભાવનાપરક વ્યાખ્યાઓની ચર્ચામાં તેની ઉપયોગિતાનો મુદ્દો પણ ઉઠાવાતો હોય છે. વિભાવનીકરણનું વિજ્ઞાનમાં કે સંશોધનમાં જે મહત્ત્વ છે તે વ્યાખ્યાઓનું પણ છે, જેમ કે વિભાવનીકરણો સંશોધકને શોધમાં, સ્પષ્ટીકરણમાં કે ધારણાઓ બાંધવામાં ઉપકારક નીવડયાં છે. દાખલા તરીકે, ગતિના નિયમોને વિશેની સમજ ઊભી કરવામાં પદાર્થવિજ્ઞાનીઓને 'કન્સેપ્ટ ઑવ ઈનર્શિયા' વડે ઘણી મદદ મળેલી છે, તો 'કન્સેપ્ટ ઑવ મોટિવેશન' કેળવણીવિષયક સિદ્ધિઓનાં સંશોધનોમાં ખૂબ જ ઉપયોગી પુરવાર થયો છે. બધી જ વિભાવનાઓ બધી જ વખતે ઉપયોગી ન પણ નીવડે તે સમજાય તેવું છે, પણ વિજ્ઞાનને વિકસાવવામાં તેનો જે ફાળો છે તે સ્વયંસ્પષ્ટ છે.

૧૯. સમજૂતી–પ્રક્રિયા–એક્સ્પ્લીકેશન–ત્રીજો તબક્કો છે. વિભાવનાઓ અને વ્યાખ્યાઓના જેવું જ સંશોધકનું મહત્ત્વનું કાર્ય ભેદોને વર્ણવવાનું છે, સમજાવવાનું છે, જેમ કે: કેમ અમુક બાળકો શાળામાં બીજાંઓથી આગળ પ્રગતિ કરી જતાં હોય છે (સિદ્ધિઓમાં ભેદો)? કેમ અમુક લોકો બીજાઓના કરતાં વધુ લડાયક હોય છે (લડાયક વૃત્તિમાં ભેદો)? કેમ અમુક વ્યક્તિઓ માનસિક રીતે માંદી હોય છે અને બીજી તેમ નથી હોતી (મનોસ્વાસ્થ્યમાં ભેદો)? કોઈ પણ એક વિભાવના જ્યારે એક અવસ્થા, મૂલ્ય કે સ્થિતિથી વધુ અવસ્થાઓ, મૂલ્યો કે સ્થિતિઓ ધરાવે છે તે વિભાવનાને ચલ–વેરીએબલ–કહે છે. વ્યાખ્યા-પ્રક્રિયાની ચર્ચા પણ નોંધપાત્ર સામગ્રી છે. સંશોધકો ભેદોની પરીક્ષા કરવા અને તેમની સમજૂતીઓ આપવા માગતા હોય છે, માટે તેઓ પોતાની બધી જ શક્તિઓ ચલોને વિશે ખરચતા હોય છે. ચલોનું પૃથક્કરણ કરીને તથા તેઓ પરસ્પર કેવી રીતે સમ્બન્ધાયા છે તે નક્કી કરીને આ થતું હોય છે. ધારો કે કોઈ એક સંશોધક 'સિદ્ધિઓના સ્તરે' પ્રવર્તતા ભેદોને સમજવા માગે છે, એ માટે એ 'મેઝર્ડ્ ઇન્ટેલિજન્સ'ના ભેદોનો સંદર્ભ તરીકે ઉપયોગ કરશે. આ દાખલામાં સિદ્ધિઓનું સ્તર–ઍચિવમેન્ટ લેવલ–એક ચલ બનશે. અને મેઝર્ડ ઇન્ટેલિજન્સ પણ એક ચલ બનશે. બંને વિભાવનાઓમાં બહુવિધ અવસ્થાઓ, મૂલ્યો કે કોટિઓ પ્રવર્તે છે. મેઝર્ડ્ ઇન્ટેલિજન્સ સંભવ છે કે અત્યન્ત નિમ્ન, નિમ્ન, સરેરાશ, સરેરાશોત્તર, પ્રતિભા–જિનિયસ–વગેરે હશે, અને ઍચિવમેન્ટ લેવલ ગ્રેડપોઈન્ટ એવરેજના સંદર્ભે બદલાતું રહેશે. અહીં નોંધવું ઘટે, કે સાહિત્યિક ભાષા, સામાન્ય ભાષાથી અનેક રીતે–પ્રકારે વિચલનો–ડિવીએશન્સ–

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ કરીને વિકસે છે, ને તેથી ભાષાકીય ચલોનું સ્વરૂપ અને તેનું કાર્ય તપાસવું ઉપયોગી નીવડે છે.

ટૂંકમાં, વિભાવનાઓ અને ચલોની વ્યાખ્યાઓ સમજૂતી-પ્રક્રિયામાં તપાસાય છે, ચકાસાય છે; એમને તપાસક્ષમ બનાવાય છે. એમાંથી વ્યાપારશીલ વ્યાખ્યાઓ વિકસે છે, જેની મદદથી અવલોકન-નિરીક્ષણની બધી જ દિશાઓનું સૂચન થાય છે. એ અવલોકનો-નિરીક્ષણોનું વર્ગીકરણ કરીને સંશોધક પાછો વ્યાખ્યાઓ પર આવી જતો હોય છે. કેમ કે, સંશોધનમાં કશી સ્પષ્ટ, તપાસક્ષમ, પૂર્ણ અને ઉપયોગી વિભાવનાપરક વ્યાખ્યાથી પ્રારમ્ભ નથી કરાતો કે ચાલો હવે ચલની તપાસ નિરાંતે કરીએ-પ્રકારનું વલણ પણ નથી લઈ શકાતું. સમજૂતી-પ્રક્રિયા એમ સૂચવે છે કે અંતિમ વિભાવનીકરણ અને તપાસ તો એ બેય પ્રક્રિયાની આંતરલીલાનું પરિણામ છે.

૨૦. છેલ્લા તબક્કામાં સંશુદ્ધ નિરીક્ષણોને તેમજ નિષ્કર્ષોને પૂર્વવર્તી નિરીક્ષણો તેમજ નિષ્કર્ષો સાથે સરખાવી જોવામાં આવે છે. ઘણીવાર એ નિષ્કર્ષો પૂર્વવર્તી નિષ્કર્ષોને બદલે છે અને નવાં દર્શનો પ્રગટાવે છે. જ્ઞાન એ રીતે સંશુદ્ધ થતું આવે છે, સંવર્ધન પામતું આવે છે. અહીં સિદ્ધાન્તો-થિયરીઝ-વિધાનો-પ્રોપોઝિશન્સ-અને પ્રતિજ્ઞાઓ-હાયપોથિસિસ-ના પારસ્પરિક સમ્બન્ધો રચાતા હોય છે, સિદ્ધાન્ત અને સંશોધનની આંતરલીલાનો આશ્રય કરાતો હોય છે.

૨૧. ઉપર પંદરમાંથી વીસમા સુધીના પાંચ ખણ્ડોમાં સંશોધનની ટેકનિક વિશે કેટલીક રીતે વ્યવહારુ અને કેટલીક પદ્ધતિપરક રૂપરેખા આપી ગયા. અહીં પ્રશ્ન એ થશે કે સાહિત્યિક સંશોધનમાં એ ટેક્નિકનો ઉપયોગ કરીએ, તો તેમાં ફેરફારો ન કરવા પડે? વ્યવહારુ ભૂમિકાની રૂપરેખા તો આમાં ક્યાંયે વ્યવધાનરૂપ ભાસતી નથી. તો શું પદ્ધતિપરક રૂપરેખા વ્યવધાનરૂપ છે? સાહિત્યિક સંશોધનમાં વિભાવનીકરણ, વ્યાખ્યા-પ્રક્રિયા અને સમજૂતી-પ્રક્રિયા જે તે વિષયના અનુસન્ધાનમાં જે તે સંશોધકની સજ્જતા અને નૈપુણ્યના પ્રમાણમાં આવશ્યક પરિવર્તનો પામશે. તો નિષ્કર્ષો સાહિત્યિક સિદ્ધાન્તોમાં કઈ રીતે યોગ પામશે તે ચોથા તબક્કામાં પણ સાહિત્યિક સંશોધનને કશી મુશ્કેલી પડવાનો પ્રશ્ન જ નથી.

છેવટે તો કોઈ પણ ટૅક્નિક ઔપચારિક છે અને સામગ્રીના યોગ પામતાં તેમાં પરિવર્તનો, સુધારા-વધારા થતા હોય છે.

For Private And Personal Use Only

વિજ્ઞાનની પ્રકૃતિ, આગળ નોંધ્યું છે તેમ ટેન્ટેટિવ છે. એટલે એમાં સંશોધનોને પ્રત્યેક તબક્કે અવકાશ છે, ભરપૂર અવકાશ છે. પણ તેથી જ સંશોધનનું ગૌરવ પ્રક્રિયા ઊભી કરવામાં છે. પોતાને માટેની સશક્ત પ્રક્રિયા ઊભી કરવી એમાં જ એનો મહિમા છે. બાકી વિજ્ઞાનની રીતેભાતે જ્ઞાનપ્રાપ્તિના માર્ગમાં કેટલાંક વિઘ્નો અવશ્ય છે: અહીં કશાં કાયમી અને નિરપેક્ષ વિધાનો કરી શકાતાં નથી, બલકે સતત પ્રશ્નવૃત્તિનો, વૈજ્ઞાનિક સ્વરૂપની શંકાવૃત્તિનો કશાં નિરપેક્ષ સત્યોની ગેરહાજરીમાં સામનો કરવાનો હોય છે. કોઈ પણ આવિર્ભાવનું સમ્પૂર્ણપણે આકલન કે વિભાવનીકરણ એક આદર્શ છે એટલે ગમે તેટલા ચલોનું સંશોધન કર્યા પછી પણ સંશોધકને લાગ્યા કરે છે કે હજી એક બાકી છે. એનાં તમામ સંશોધનો સેમ્પલિન્ગ્સ છે, કેમ કે બધી વસ્તુઓ બધે બધા સમયોમાં તે જોઈ શકતો નથી. છતાં વ્યાપક અને બધા સમયોને લાગુ પડે તેવા નિયમોની શોધમાં જ તેને રસ છે. સામાન્યીકરણ–જનરાલિઝેશન–વિજ્ઞાની માટે એક સુખદ અને હૃદ્ય પરિણામ છે, પણ તે તો નવાં આક્રમણો માટે સદા તત્પર રહેવામાં જ પોતાનો ધર્મ જુએ છે. તેની જ્ઞાનેન્દ્રિયોમાં તેણે શ્રદ્ધા રાખી છે અને વસ્તુલક્ષી થવાનો સંકલ્પ કર્યો છે. આ વિરોધી અવસ્થા-માંથી સંભવ છે કે વિકૃતિઓ પણ જન્મી આવે, ભ્રાન્ત નિરીક્ષણો પણ જન્મી આવે. તો તેની ટેક્નિક તેણે પોતે જ જન્માવી છે તેથી પણ તેની પ્રવૃત્તિ ક્યારેક વિપથગામી બની પણ રહે. જેમાં સંસારનો એક માણસ કશી પણ ભૂલ ન કરી બેસે એવો કોઈ ભોળોભટાક નિયમ હજી જન્મ્યો નથી. આ વિઘ્નો વચ્ચે પણ આ માનવીય પ્રવૃત્તિ વિકસે છે, વિકસ્યા કરવાનો જ ધર્મ પાળે છે તે જેવું તેવું માનવીય મૂલ્ય નથી.

□

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાર્શ્વ પ્રકાશન

Serving JinShasan
069178
gyanmandir@kobatirth.org

For Private And Personal Use Only